TUD

# S.Y.B.COM

# GUJARATI MEDIUM

# INDIAN RELIGIONS
# FC 201 C
# (FOUNDATION COURSE)


R.J.TIBREWAL COMMERCE COLLEGE
Vastrapur Ahmedabad-380 015

## ભારતના ધર્મો - **FC -201 – C**

### Unit 1 ધર્મ

- વ્યાખ્યાઓ અને વિભાવના
- ધર્મ અને માનવ પ્રવૃત્તિઓ
- ભારતના ધર્મો – એક ઝાંખી

### Unit 2 ભારતમાં ઉદ્ભવેલા ધર્મો – હિન્દુ અને જૈન

- ઉદભવ અને ઈતિહાસ
- ઈશ્વરની વિભાવના
- ફિલોસોફી (તત્વજ્ઞાન) : કર્મ અહિંસા, શાકાહાર
- પ્રાણાલિઓ : રીતિ અને રિવાજો

### Unit 3 ધભારતમાં ઉદભવેલા ધર્મો – શિખ અને બૌદ્ધ

- ઉદભવ અને ઈતિહાસ
- ફિલોસોફી (તત્વજ્ઞાન) અને શિક્ષાણ
- મોક્ષની વિભાવના
- પ્રાણાલિઓ : રીતિ, રિવાજો તથા ધર્મગ્રંથો

### Unit 4 ભારતમાં પ્રવેશેલા ધર્મો – ઈસ્લામ અને ઈસાઈ

- ઉદભવ અને ઈતિહાસ – ભારતમાં પ્રસાર
- ફિલોસોફી (તત્વજ્ઞાન) અને શિક્ષાણ
- ઈશ્વર અને સર્વન્યાયની વિભાવનાઓ
- પ્રાણાલિઓ : રીતિ રિવાજો તથા ધર્મગ્રંથો.

# ધર્મ

ધર્મ સાંસ્કૃતિક પ્રણાલીઓનું, માન્યતાઓનું તથા સમગ્ર સૃષ્ટિ વિશેની ધારણાઓનું સમાગમ છે જે માનવતાને આસ્થા અને નૈતિક મૂલ્યો સાથે જોડે છે. ધર્મ શબ્દનો ઉપયોગ ''માન્યતા'' કાં તો ''આસ્થા'' ના પર્યાય તરીકે વપરાય છે. ઘણા ધર્મોમાં ચરિત્રની વાત અને તેના ઘડતર માટેના કાયદા લખાયેલ છે. ઘણા ધર્મ અને ધર્મ ગ્રંથ, ન કેવલ લોકોની શ્રદ્ધા કે આસ્થા, પરંતુ જીવનપ્રણમાલી, શાસન, સંગીત, લગ્ન સંબંધી માહીતી, ધર્મસ્થળ, કળા, નૃત્ય તથા મનુષ્ય જીવનનાં અલગ અલગ પાસાં વિશે માહીતી આપે છે.

**વ્યાખ્યાઓ :**

- સમગ્ર વિશ્વની પ્રકૃતિ, તારણો તથા મુખ્ય હેતુ વિશેની ધારણાઓનો સમાગમ જેના સર્જક તરીકે મહામાનવ (દૈવી તત્વ) ગણાય છે જેમાં ધાર્મિક પ્રથાઓ તથા નૈતિક મૂલ્યોના ઢાંચાનો સમાગમ થાય છે, તે ધર્મ.
- મનુષ્યનાં નસીબનાં ઘટક તત્વ તરીકે દૈવી તત્વમાં શ્રદ્ધા, તેની ઉપાસના કરવી તે ધર્મ.
- સર્વ વ્યાપી, સર્વોપરી શકિતમાં માન્યતા રાખવી તે ધર્મ.

**ધર્મ અને વિજ્ઞાન :**

ધર્મ વિશેનું જ્ઞાન ધર્મના વિશેષજ્ઞો પ્રમાણે, ધર્મનાં આગેવાનો, ધાર્મિક પુસ્તકો, મહાકાવ્યો, ગ્રંથો તથા વ્યકિતગત પ્રવૃત્તિઓમાંથી મળી આવે છે. ઘણા ધર્મો આવા જ્ઞાનને અપરંપાર માને છે અને બધા સવાલનોનાં જવાબ આપવાની શકિત ધરાવતા હોય એવું માને છે. બીજાં એવું માને છે કે ધર્મના જ્ઞાનનો મહત્વ સંકુચતિ છે. જેઓ માને છે કે ધાર્મિક જ્ઞાન એ ફકત એક પુરક છે જે અન્ય ભૌતિક માધ્યમોમાંથી મેળવેલ જ્ઞાન સાથે જ છે. ઘણા એવું માને છે કે ધાર્મિક જ્ઞાન એક સમગ્ર દિવ્ય રચના છે.

વિજ્ઞાન એ ધારણાઓને ચકાસીને તેમની સિધ્ધિ દ્વારા જ્ઞાન મેળવવામાં માને છે, માટે તે બ્રહ્માંડને લગતા એવા જ પ્રશ્નો હલ કરે છે જેમાં ગણતરી કરાય અને જેમાં ભૌતિક તત્વ હોય. સૃષ્ટિની એવી કલ્પનાઓ તે કરે છે જે દેખીતી વસ્તુઓનાં સંદર્ભમાં હોય.

વિજ્ઞાન રૂપી જ્ઞાનમાં ફેરફાર શકય છે તેને નકારવું પણ શકય છે. મનુષ્યનાં ઉદભવનું વિજ્ઞાન કાંતો ગુરુત્વાકર્ષણ જેવી વૈજ્ઞાનિક થિયરીમાં ઘણા પુરાવા હોય છે.

ધર્મનું જ્ઞાન વ્યકિતઓનાં અંતઃમનને અનુલક્ષીને હોય છે જયારે વિજ્ઞાનમાં ભૌતિક અને દેખીતી વસ્તુઓનું મહત્વ છે.

**ધર્મ અને અંધવિશ્વાસ**

અંધવિશ્વાસને કારણ અને તારણની ખોટી સમીક્ષા તરીકે સમાજાવવામાં આવ્યો છે. ધર્મનો મુખ્ય હેતુ છે સામાજીક અને નૈતિક મૂલ્યોની બરકત. ઘણી વખત એક ધર્મનાં અનુયાયીઓ બીજા ધર્મને અંધશ્રદ્ધા માને છે. વળી ઘણા નાસ્તિકો ધાર્મિક ક્રિયાને અંધશ્રદ્ધા માને છે.

અંધ શ્રદ્ધા ધર્મમાં કે સંસ્કૃતિમાં નથી હોતી, ધર્મ અને સંસ્કૃતિનો ખરો અર્થ સમજવો જરૂરી છે.

**ધર્મ અને સ્વાસ્થ્ય**

ધર્મનો સ્વાસ્થ્ય સાથે કોઇ સીધો સંબંધ નથી, પરંતુ ઘણી ધાર્મિક પ્રણાલીઓ, વ્યકિતનાં સ્વાસ્થ્યમાં બદલાવ લાવે છે. મેયોકલીનિકનાં શોધકર્તાઓએ ધાર્મિક ક્રિયા અને આસ્થા, શારીરીક, માનસિક અને સ્વાસ્થ્ય તથા જીવનનાં ધોરણો નો સંશોધન કરીને કહ્યું કે ધર્મ અને આસ્થા ને કારણે સ્વાસ્થ્યમાં સુધાર થાય છે. જે સાથે જીવનની લંબાઇ, બીમારી દૂર ભગાવવાની શકિત તથા જીવનશૈલીમાં બદલાવ આવે છે તથા ચિંતા મુકત જીવન અને આત્મહત્યાની ઇચ્છા પણ નથી થતી. ધર્મનો વ્યકિતનાં સ્વાસ્થ્યમાં બહુ મોટો ફાળો છે.

યોગ જેવી ધાર્મિક ક્રિયાઓ શરીરને ચપળતા પ્રદાન કરે છે.

## ધાર્મિકતા / કોમવાદ

બ્રિટિસ રાજ બાદ ભારતમાં વ્યાપ્ત ધાર્મિકતાને કારણે અખંડ ભારતનું ત્રણ દેશોમાં વિભાજન થયું.

- ભારત ગણરાજ્ય
- પાકિસ્તાન ઇસ્લામી ગણરાજ્ય
- બંગલાદેશ

આઝાદ ભારત અને પાકિસ્તાનમાં પણ કોમી દંગાનો ખૂબ લાંબો વારસો છે. (સૌ પ્રથમ કોમી હુલ્લડ ૧૭મી સદીમાં અમદાવાદમાં થયેલું) ભારત ગણરાજ્ય કોઇ ખાસ ધર્મ સાથે પોતાને સરખાવતું નથી અને બિન સાંપ્રદાયિકતાનો મત ધરાવે છે.

## ધર્મની આલોચના

ધર્મની આલોચનાનો ઇતિહાસ પ્રાચીન ગ્રીસમાં નાસ્તિક ડાયગોરાસના સમય. ડાયગોરાસ મેલોસના હતાં તથા સાધારણ કાળ પૂર્વની પાંચમી સદીમાં તેઓ થઇ ગયા. આલોચકી માને છે કે ધર્મમાં જુનવાણી છે. ધર્મ લોકોને ભ્રષ્ટ કરે છે. ધર્મને કારણે આંતકવાદ થાય છે, વિજ્ઞાનથી લોકો દૂર થાય છે.

ધર્મની એક મુખ્ય આલોચનાએ છે કે તે તાર્કિક અને વૈજ્ઞાનિક નથી.

# ભારતના ધર્મો

ભારત હિન્દુ, જૈન, બૌદ્ધ તથા શીખ ધર્મનો ઉદભવ સ્થાન છે. ભારતના ઈતિહાસ, ધર્મ આપણી સંસ્કૃતિનો અભિન્ન અંગ રહયો છે. ધર્મોની વિવિધતા અને સહનશીલતા કાયદા તથા જીવનપ્રણાલી દ્વારા આપણા દેશમાં છે. ઘણા ખરા લોકો પોતાને ધર્મ સાથે કે ધર્મના ભાગ તરીકે જુએ છે.

હિન્દુ એક પ્રાચીન ધર્મ તથા ભારતનું સૌથી મોટું ધાર્મિક એકમ છે. ૨૦૦૧ ની વસ્તી ગણતરી પ્રમાણે તેના ૮૨૮ મિલિયન અનુયાયીઓ ભારતીય વસ્તીનો ૮૦૫ % ભાગ ધરાવે છે. હિન્દુ ધર્મનો ઉદ્‌ભવ સંસ્કૃત શબ્દ સિંધુમાંથી થયો.

ઈસ્લામ અને ખ્રિસ્તી બંને ધર્મો (એકેશ્વરવાદી ભગવાનમાં માનનારા) monotheistic ધર્મો છે. ઈશુ ખ્રિસ્ત અને મહમ્મદ એ ભગવાનનાં પયંગબરો ગણાય છે. ઈસ્લામ ધર્મ મહમ્મદના અનુયાયીઓનું ધર્મ છે. જ્યારે ઈશુ ખ્રિસ્ત ખ્રિસ્તીઓના પયંગબર છે. ઈારતમાં ખ્રિસ્તી ધર્મની સ્થાપના સંત થોમસ એ કરી હોવાનું મનાય છે. ઇંડોનેશિયા અને પાકિસ્તાન પછી ભારત ત્રીજી સૌથી વધુ મુસ્લિમોની સંખ્યા ધરાવતો દેશ છે.

બૌદ્ધ અને જૈન ધર્મો non-theistic નિરીશ્વરવાદી માન્યતા ધરાવે છે અ ને ઈશ્વર થવું કોઇનો અધિકાર નથી એ માને છે. . આ ધર્મો તત્વજ્ઞાન આધારીત છે. બૌદ્ધ ધર્મનો મુખ્ય હેતુ છે. વાસનાનું નિવારણ અને જૈન ધર્મનું છે. અંહિસા ભારતમાં અરૂણાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર તથા સિકિકમ રાજય (લઘુમતિ સમાજ) એમ કરીને ૮ મિલિયન બૌદ્ધ અનુયાયીઓની સંખ્યા છે.

જૈન ધર્મ ભારતમાં તે સમયે ઉદભવ્યું જયારે લોખંડની શોધ થઈ. ગુજરાત, કર્ણાટક, મહારાષ્ટ્ર અને રાજસ્થાન એમ ચાર રાજયોમાં થઈને કુલ ૦.૪ % ભારતીયો જૈન ધર્મનાં અનુયાયીઓ છે.

સોળમી સદીમાં ઉત્તર ભારતમાં શીખ ધર્મની સ્થાપના ગુરૂનાનકના પ્રવચનોને કારણે થઈ. ૨૦૦૧ માં ભારતમાં ૧૯.૨ મિલિયન શીખોની જન સંખ્યા છે. પંજાબ એ શીખોનું ધાર્મિક આવાસ છે અને એકમાત્ર ભારતીય રાજય છે જયાં શીખો બહુમતિ સમાજ છે. પાડોશી રાજયો દિલ્હી અને હરિયાણામાં પણ શીખોની સારી એવી સંખ્યા છે.

૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે ઝારાષ્ટ્રિયનિઝમના અનુયાયીઓ એટલે કે પારસીઓની જનસંખ્યા ભારતની કુલ જનસંખ્યાનાં ૦.૦૦૬ % હતી જેમાં સૌથી વધુ પારસીઓ મુંબઈ અને તેની આસપાસ વસેલા હતાં.

ડોન્યી-પોલો જેવાં ઘણાં આદિવાસી ધર્મો ભારતમાં છે. સંથલ લોકો જે આદિવાસી ધર્મોમાં માને છે તેમાનું સંથલ ધર્મ પણ એક છે. સંથલ ધર્મના કેવળ ૨૩,૬૪૫ અનુયાયીઓ છે. બાાહય ધર્મના ભારતમાનં ૨.૨ મિલિયન અનુયાયીઓ છે, જે વિશ્વનાં કોઈ પણ દેશમાં સૌથી વધુ માત્રા છે.

ભારતમાં યહુદી ધર્મ પણ થોડાં અંશે પ્રચલિત છે. કેરળનાનં કોચીન યહુદીઓ, મહારાષ્ટ્રના બેન ઈઝરાયલ તથા મુંબઈ નજીકનાં બગદાદી યહુદીઓ આ ધર્મના ભારતમાં ત્રણ મુખ્ય અનુયાયીઓના સમાજ છે.

ગુરૂ રવિદાસ દ્વારા સ્થપાયેલ ૧૫મી સદીનો ધર્મ રવિદાસિયા પણ વૈશ્વિક ભાઈચારા, સહનશકિત અને પાડોશી પ્રેમનાં સંદેશને અનુસારીને ચાલતો આવ્યો છે. સંત રવિદાસ એ ઉત્તર અને મધ્ય ભારતમાં અનુસૂચિત જાતિઓમાં સૌથી વધુ આદર-સત્કાર મેળવતાં સંત છે. ૧૬.૨ % છે. સમગ્ર વિશ્વમાં ફેબ્રુઆરીમાં ગુરૂ રવિદાસ જયંતિ ઉજવાય છે.

પશ્ચિમી દેશોમાં વસવાટ કરતાં ભારતીય મૂળનાં લોકોએ હિંદુ તત્વજ્ઞાનનાં ઘણાં પાસા જેમ કે યોગ, ધ્યાન, આયુર્વેદ , દૈવી પ્રેરણા, શાકાહાર, કર્મ અને પુનર્જન્મ જેવા ઘણાં મુદાઓનો પ્રચાર કર્યો છે અને હરે કૃષ્ણ ભકતો, બ્રહ્મકુમારી અને આનંદ માર્ગના અનુયાયીઓનો પણ મોટો યોગ દાન છે.

ભારતનું સંવિધાન ભારતને સર્વધર્મસંભાવમાં માનતો બિનસાંપ્રદાયિક દેશ કહે છે. તથા નાગરીકોને ધર્મનો અધિકાર આપે છે જેથી તેઓ પોતાના ધર્મને અનુસરી શકે.

કાયદો :

ભારતનાં સંવિધાનની પ્રસ્તાવનામાં ભારતને બિનસાંપ્રદાયિક, સાર્વભૌમ, સ્વનિર્ભર પ્રજાસત્તાક સામાજીક ગણરાજય કહેવામાં આવ્યું છે. ભારત ગણરાજ્યનો કાયદાકીય રીતે કોઈ ધર્મ નથી. બિનસાંપ્રદાયિકતા અંગે ભારતના સંવિધાનના ૪૨ માં સુધારા કાયદા ૧૯૭૬ થી સ્પષ્ટતા કરવામાં આવે છે તે મુજબ ભારતમાં આચરતા પ્રત્યે ધર્મ વિશે સહિષ્ણુતા રાખવી અત્યંત જરૂરી છે. ભારતનો નાગરીક કોઈપણ ધર્મ નું આચરણ તથા પ્રસાર કરવા માટે મુકત છે. સરકારી શિક્ષણ પદ્ધતિ અને સંસ્થાનોમાં કોઈપણ એક ધર્મનું શિક્ષણ અથવા પ્રચાર કરવો એ ગુનો ગણાય છે. બંધારણ મુજબ સમાન સીવીલ કોડ દરેક ધર્મના લોકોને માટે સરખુ બાધ્ય છે અને કોઈપણ ધર્મ પાળવાની છુટ એ મુળભુત હકક છે.

ભારતીયોમાં ધર્મની વિભાવના બહુ મોટો ભાગ ભજવે છે. ભકિત, પૂજા, પરંપરા, ધાર્મિક તહેવારો અને વિધિઓ નું પાલન એ વ્યકિતગત લાગણી અને માન્યતાઓ પર આધારીત છે. સરકાર કે અન્ય કોઈ ઉપરી અધિકારી તે વિશે ફરજ પાડી શકે નહીં. સામાજીક જીવનમાં દરેક વ્યકિતની ધર્મની વિભાવના બદલાતી રહે છે. કયારેક તેમાં અંધ શ્રદ્ધા હોય છે. તો કયારેક એના નિવારણ વિશે જ્ઞાન નો પ્રસાર થાય છે. ધર્મની વિભાવનામાં શિક્ષણ, રીત-ભાત, શહેર અને ગ્રામ્ય પ્રદેશ જેવા ઘટકો મહત્વનો ભાગ ભજવે છે.

# હિન્દુ ધર્મ

હિદું ધર્મ એક પ્રાચીન ધર્મ અને જીવનપ્રણાલી છે. ભારતમાં હિંદુ ધર્મનાં સૌથી વધારે અનુયાયીઓ છે. જો કે ટકાવારી પ્રમાણે નેપાળમાં સૌથી વધુ છે.

હિદુ શબ્દનો ઉદભવ સંસ્કૃતમાં સિંધુ શબ્દમાંથી થયો. સિંધું શબ્દ સંસ્કૃતમાં સિંધુ નદી માટે વપરાતો હતો. જે ઋગવેદમાંથી લેવાયેલો છે.

યુરોપીય ભાષાઓમાં અરબી શબ્દ અલ-હિન્દમાંથી હિંદુ શબ્દ લેવાયેલો. અલ-હિન્દનો અર્થ હતો સિંધુ નદીના પૂર્વનો વસવાટ ૧૩મી સદીમાં હિન્દુસ્તાન શબ્દ હિંદુઓના વસવાટ માટે વપરાવવા લાગ્યો.

## ઈતિહાસ

વૈદિક ધર્મ પર ઇન્ડો-યુરોપીય ધર્મોનો પ્રભાવ હતો. ઋગ્વેદ સૌથી પ્રાચીન વેદ છે. (૧૭૦૦-૧૧૦૦ BCE ) વેદોમાં ઈન્દ્ર, વરૂણ, અગ્નિ જેવાં દેવો તથા સોમ જેવી પ્રયાસો પર ખાસ મહત્વ આપવામાં આવ્યો છે. અગ્નિ-સંસ્કારો જેમ કે યજ્ઞ પણ પ્રચલિત હતા અને વૈદિક મંત્રોચ્ચાર કરાતું પણ મંદિર કાં તો ભગવાનની મૂર્તિઓ હોવાના કોઈ પુરાવા નથી.

મુખ્ય સંસ્કૃત, મહાકાવ્યો રામાયણ અને મહાભારતનું લખાણ અને સંપાદન સાધારણ યુગની અગાઉના થોડા વર્ષ તથા સાધારણ યુગનાં શરૂઆતના થોડા વર્ષોમાં થયેલું તેમાં પ્રાચીન ભારતીય રાજાઓ અને એ દરમ્યાન લડાયેલા યુદ્ધ વિશે પણ માહિતી હોય છે, તે સાથે જ તેમાં ધર્મ અને તત્વજ્ઞાન વિશેનાં ગ્રંથો પણ હોય છે, આધુનિક પુરાણોમાં દેવ-દેવીઓના કિસ્સાં, માનવીઓ સાથે તેમના આદન-પ્રદાન તથા રાક્ષસો સામેની તેમની લડાઈઓ પણ વર્ણાવવામાં આવેલી છે.

બ્રાહ્મિક સંસ્કૃતિની સાથે-સાથે અવૈદિક શ્રમણ પ્રથા પણ ચાલી ગઈ. બૌદ્ધ આ પ્રથાનાં સદસ્ય હતાં શ્રમણમાંથી જૈન, યોગ, જન્મ-મરણનું ચક્ર સંસાર તથા મોક્ષ જેવા તત્વજ્ઞાન પણ ઉદભવ્યા. બ્રાહ્મિક આશ્રમ પદ્ધતિ એ શ્રમણ પ્રથાનાં મૂલ્યોને બ્રાહ્મિક સામાજીક બંધારણમાં આવરી લેવાની એક પહેલ હતી. શ્રમણ પ્રથામાંથી બ્રાહ્મિક સંસ્કૃતિની અરણ્યક તથા ઉપનિષદ એ પણ પ્રેરણા લીધી. મોર્ય સમ્રાટ અશોક બૌદ્ધ ધર્મનું પ્રચાર કરી ઇસવીસન પૂર્વે ત્રીજી સદી (સાધારણ યુગ પહેલાની ત્રીજી સદી) માં ભારતીય ઉપમહાદ્વીપને એકત્રિત કર્યું. સને ૨૦૦ (સન ૨૦૦ સાધારણ યુગ) પછી/પૂર્વે ભારતીય તત્વજ્ઞાન ઘણી વિચારધારાઓનો સમાગમ કરાયો જેમાં સમ્ખ્ય/સંખ્ય, યોગ, ન્યાય, વૈશેશિકા, પૂર્વ મિમાંસા તથા વેદાંત સામેલ હતા. એક નાસ્તિક વિચારધારના પ્રણેતા ચારવક ઉત્તરભારતમાં ઇસવીસન પૂર્વે છઠ્ઠી સદી માં થયો.

ઈસ્લામ ભલે સાતમી સદીની શરૂઆતમાં ભારતમા આવ્યું પણ ધર્મ તરીકે તેનો પ્રભુત્વ ભારતીય. મહાદ્વીપના મુસ્લિમ કબ્જા પછી ફેલાયો. આ સમયગાળા દરમ્યાન બૌદ્ધ ધર્મનું પતન થયું તથા હિંદુઓના મુસ્લિમ ધર્મ પરિવર્તન ના બનાવો વધ્યા. ઔરંગઝે.બ અને મલિક કાફુર જેવા મુસ્લિમ સમ્રાટો અને તેમના સેનાપતિઓએ હિન્દુ ધર્મસ્થળોનું ખંડન બોલાવ્યું તથા બિન-મુસ્લિમ લોકો ને સજા કરી, જો કે અકબર જેવાં થોડાં સમ્રાટોએ સમભાવનો અભિગમ પણ અપનાવ્યો. રામાનુજ, માધવ અને ચૈતન્ય જેવા ગુરૂઓનાં પ્રભાવને કારણે હિન્દુ ધર્મમાં અભૂતપૂર્વ બદલાવ આવ્યા. ભકિત પ્રણાલીના શ્રદ્ધાળુઓ બ્રહ્મના અલૌકિક એકમથી દુર રાખીને રામ અને કૃષ્ણ જેવા વધુ માનવીય અવતારો તરફ વલણ દર્શાવતા. બ્રાહ્મણઆ અલૌકિક એકમની સ્થાપના આદિશંકરાચાર્યે લાગણીશીલ, તીવ્ર ભકિત દ્વારા કરેલી.

## ઈન્ડોલોજી

મેકસ મ્યુલર તથા જહોન વુડરીફ જેવા વિચારકોએ ૧૯મી સદીમાં ઈન્ડોલોજી નામના વિષયની શરૂઆત ભારતીય સંસ્કૃતિને યુરોપીય અભિપ્રાયો લગાવીને સમજવાની કોશિશ તરીકે શરૂ કર્યું. તેઓ વૈદિક પૌરાણિક તથા તાંત્રિક સાહિત્ય તથા તત્વજ્ઞાનને યુરોપ તથા અમેરીકામાં પ્રચલિત કર્યા. બ્રાહ્મોસમાજ તથા થિયોસોફિકલ સોસાયટી જેવા એકમોએ અબ્રાહમિક તથા ધાર્મિક મૂલ્યોના સમાગમમાં યોગદાન આપી સામાજીક સુધારને અનુસરવાના પ્રયત્નો કર્યા. આ સમયગાળા દરમ્યાન ઘણી એવી આગવી વિચારધારાઓ શરૂ કરાઈ જેના મૂળ આપણી સંસ્કૃતિમાં હતાં. રામકૃષ્ણ તથા રમણમહર્ષિ જેવા મહાનુભાવોના

ચારિત્ર અને પ્રચારમાં તેનો મૂળ હતો. શ્રી અરવિંદ અને ISKCON નાં શોધક પ્રભુપાદ જેવા તત્વજ્ઞાનીઓએ હિન્દુ ધર્મના આદિગ્રંથોનું અનુવાદ, પુનઃગઠન તતકરી અર્વાચીન વાચકો તથા શ્રોતાઓ માટે નવીન માળખુ તૈયાર કર્યું. જેને ભારત તથા વિદેશોમાં ખૂબ ચાહકો મળ્યા. પશ્ચિમનાં યોગ અને વેદાંતનું ધોરણ ઉંચુ કરવામાં વિવેકાનંદ, યોગાનંદ પરમહંસ, બી.કે.એસ. આયંગર તથા સ્વામીરામનું યોગદાન પ્રશંશાપાત્ર છે.

**શ્રધ્ધા ભકિતની પ્રથાઓ**

હિન્દુ ધર્મમાં શ્રધ્ધા, ભકિત અને કર્મકાંડના કાયદાઓનું એકમ નથી. હિન્દુ એક જીવનશૈલી છે જે ધાર્મિક પ્રતિક્રિયાઓનું બહુગામી ચિત્રાણ દર્શાવે છે તથા વૈદિક બંધારણ પર આધારીત છે. હિન્દુ ધર્મની અનેકતા તથતા અનેક શ્રધ્ધાઓ તરફ સહાનુભુતિ ને કારણે ધર્મ તરીકે તેને પ્રાશ્ચાત્ય સંદર્ભમાં વ્યાખ્યા આપવી અઘરી છે. પુનર્જન્મ કર્મનો સિધ્ધાંત અને મોક્ષ હિન્દુ ધર્મના મૂળ સિધ્ધાંત છે. બૌધ્ધ, જૈન તથા શીખ ધર્મોના કર્મનો સિધ્ધાંત હિન્દુ ધર્મથી થોડા અલગ છે માટે હિન્દુ ધર્મને વિશ્વનાં ચાલુ ધર્મોમાંનો સૌથી જટિલ (complex) મનાય છે.આદિકાળથી ચાલ્યો આવતો આ ધર્મ આજે પણ વિશ્વનો ત્રીજો સૌથી વધુ મનાતો ધર્મ છે.

ભારતનાં પ્રથમ ઉપરાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લીરાધાકૃષ્ણન કહે છે કે હિન્દુત્વ ન કેવલ એક માન્યતા છે પણ તર્ક અને આભાસનો સમાગમ છે. રાધાકૃષ્ણન માને છે કે હિન્દુત્વની વ્યાખ્યા આપવી શકય નથી, ફકત તેને અનુભવવું જોઈએ.

**માન્યતાઓ**

હિન્દુ ધર્મમાં શ્રધ્ધા-ભકિતની સંપુર્ણ છુટ છે. સમગ્ર વિશ્વને એક કુટુંબ (વસુધૈવકુટુમ્બકમ્) માનવામાં આવે છે. ધર્મ (નૈતિક મૂલ્યો/ફરજો), સંસાર (જન્મ, જીવન, મૃત્યુ અને પુનર્જન્મ) કર્મ, મોક્ષ અને યોગના તત્વજ્ઞાનો હિન્દુ ધર્મ શીખવે છે.

**ભગવાન**

હિન્દુ ધર્મ વિવિધ વિચારધારાઓ અને માન્યતોઓનો સમાગમ છે અને ભગવાન કે દૈવી તત્વ વિશે ઘણાં અભિપ્રાય ધરાવે છે. વ્યકિત વિશેષની શ્રધ્ધા અને સંસ્કૃતિ ઉપર ઘણું ખરુ આધાર રાખે છે. કયારેક એવું મનાય છે કે હિન્દુ ધર્મમાં માત્ર એકજ ભગવાન છે. પણ તે માન્યતા સંપુર્ણપણે સાચી નથી. ઋગ્વેદમાં ભગવાન અને વિશ્વ (નિરાકાર બ્રહ્માંડ) ની રચના વિશે વિસ્તારમાં લખેલું છે.

તેમાં જીવન બાબતનાં સવાલોના જવાબ શોધવાનું કાર્ય વ્યકિત વિશેષનું હોવાની વાત કરાઈ છે. મોટા ભાગાના હિન્દુઓ માને છે કે વ્યકિતનો આત્મા અપરંપાર (અમર, નિરંતર) છે. અદ્વૈત વેદાંત જેવી વિચારધારાઓ પ્રમાણે આત્મન અને બ્રાહ્મ એકબીજાથી અલગ છે. અદ્વૈત પ્રમાણે આત્મન અને બ્રાહ્મનની એકતાને સમજવું જરૂરી છે. ઉપનિષદ પ્રમાણે જે વ્યકિત આત્મનને પોતાનો મુખ્ય ભાગ માને છે તે બાહ્મ સાથે આત્મયીતા મેળવીને મોક્ષ તરફ પ્રયાણ કરે છે.

## હિન્દુ તત્વજ્ઞાન : જીવનનાં સિધ્ધાંત – પુરૂષાર્થો– ધર્મ, અર્થ, કામ, મોક્ષ

પૌરાણિક હિન્દુ વિચારધારા ધર્મ, અર્થ, કામ અને મોક્ષને મનુષ્ય જીવનનાં મૂળ સિધ્ધાંતો તરીકે માને છે. આ સિધ્ધાંતોને માનવજીવનનાં મૂળ હેતુ, ધ્યેય કાં તો અંત માનીને પુરૂષાર્થ પણ માનવામાં આવે છે.

**ધર્મ (નૈતિક મૂલ્યો)**

ઉપનિષદ ધર્મને બ્રહ્માંડમાંથી ઉપજતો કાયદો, સજજતા અને સમભાવ એક રીતે સત્યનાં વૈશ્વિક સિધ્ધાંત તરીકે ગાણે છે. ધર્મ બ્રહ્માંડનાં મૂળભૂત નૈતિક મૂલ્યને દર્શાવે છે. તેને સત્ (સત્ય) કહે છે.

**અર્થ (આર્થિક સિધ્ધિ, જીવનનિર્વાહ)**

અર્થ એટલે કે આર્થિક સિધ્ધિ અને જીવનનિર્વાહની અવ્યકિતગત અને નૈતિક ચળવળ તેમાં રાજકારણ, અને ભૌતિક સુખો સામેલ થાય છે. અર્થ માટેનું ગ્રંથ છે અર્થશાસ્ત્ર, જેમાં સૌથી વધુ પ્રખ્યાત છે કૌટિલ્ય અર્થશાસ્ત્ર.

**કામ (શારીરીક અને માનસિક તૃપ્તિ)**

કામનો અર્થ છે ઇચ્છા, ચેષ્ટા, ધગશ, ઇન્દ્રિયોનો સુખ, જીવનનો લાગણીશીલ અનુભવ, પ્રેમ અને વાત્સલ્ય.

**મોક્ષ (સંસારમાંથી મુકિત)**

મોક્ષ કાં તો મુકિતનો અર્થ છે છૂટવું (રિહાઇ) જે જીવનનું અંતિમ હેતુ છે. સંસારમાંથી અને સંસર સાથે જોડાયેલાં દુઃખોથી નિવારણ ; જીવન અને મૃત્યુ (વેદ અને નિર્વેદ)માંથી છુટકારો.

## વર્ણ

હિન્દુ સમાજ આદિકાળથી ચાર વર્ણમાં વહેંચાયેલો છે.

બ્રાહ્મણ : શિક્ષકો અને સંતો

ક્ષત્રિય : લડવૈયા, ઉમરાવ અને રાજાઓ

વૈશ્ય : ખેડૂતો, વેપારીઓ

ક્ષુદ્ર : નોકર અને કારીગર

હિન્દુ ધર્મના અનુયાયીઓ અને વિચારકો એ જાણવાની કોશિશ કરે છે કે વર્ણ અને જાતિ ગ્રંથો દ્વારા પ્રમાણિત હિન્દુ ધર્મનો અભિન્ન અંગ છે કે પછી એક ભૂલાયેલી સામાજીક પ્રથા છે. ગ્રંથોમાં વર્ણ વ્યવસ્થાને ખૂબ વિસ્તારપૂર્વક વર્ણવવામાં આવેલી છે. મહાત્મા ગાંધી અને બાબાસાહેબ ભીમરાવ આંબેડકરે જાતિ-પ્રથા તથા વર્ણ-આધારીત ભેદભાવ, અછૂત પણાનો તિરસ્કાર કર્યો છે.

## ભકિત

૧૪મી થી ૧૭મી સદીઓ દરમ્યાન, જયારે ઉત્તર ભારત મુસલમાનોના શાસન હેઠળ હતુ, ત્યારે ભકિત પ્રથા મધ્ય અને ઉત્તર ભારતમાં એક સંતોની ટુકડી દ્વારા ફેલાવાઇ. ચૈતન્ય મહાપ્રભુ, વલ્લભાચાર્ય, સુરદાસ, મીરાબાઇ, કબીર, તુલસીદાસ, રવિદાસ, નામદેવ, તુકારામ એવા બીજાવા ઘણાં શ્રદ્ધાળુઓએ ભકિત પ્રથાને ઉત્તર ભારતમાં ફેલાવવામાં મહત્વપુર્ણ ફાળો આપ્યો. અતિશય ઝીણી વિગતોને બાજુ પર મુકીને સામાન્ય લોકો ભગવાન માટે સાદી ભાષામાં લખાયેલા ભજનો દ્વારા ભગવાન તરફ પોતાની અપાર શ્રદ્ધા દર્શાવી શકે છે.

આ સમય દરમ્યાન લોકબોલી તથા ઘણા સાંસ્કૃતિક સમાજોની બોલીઓમાં તથા ક્ષેત્રીય બોલીઓમાં ગદ્ય અને પદ્યમાં સાહિત્યનું સર્જન કરવામાં આવ્યું. ભકિત પ્રથા ઉત્તર અને દક્ષિણ ભારતનાં વિભિન્ન પ્રદેશોમાં અલગ-અલગ નામથી પ્રસિદ્ધ થઇ. ઉત્તર ભારતમાં ભકિત પ્રથા અને શિયા મુસલમાનોના ચિશ્તી સમાજમાં વ્યાપ્ત સૂફી પ્રથામાં ઘણી સમાનતા જોવા મળે છે. મુસલમાનો (ઇસ્લામનાં અનુયાયીઓએ) ભકિતને સૂફી તરકે અપનાવી લીધું જયારે હિન્દુઓએ તેને વૈષ્ણવ ભકિતમાં જ એક વૈભવ ધરાવતી શકિત તરીકે આવરી લીધું.

**પૂજા, યજ્ઞ, મૂર્તિ, મંદિર, જાપ અને મંત્ર**

**પ્રતિકાત્મકતા અને ચિહ્નાત્મક પ્રદર્શન**

હિન્દુ પ્રથાઓમાં ભગવાનની અનુભૂતિ અને આર્શીવાદનો મોટો મહત્વ ધરાવે છે. માટે, હિન્દુ ધર્મમાં ઘણી એવી પ્રથાઓ પ્રચલિત છે જેથી રોજબરોજના જીવનમાં વ્યકિતને દૈવી શકિતનો અહેસાસ થાય કાં તો તેમાં ભરોસો આવે. હિન્દુ રહેઠાણના સ્થળે કાં તો મંદિરમાં પૂજા-અર્ચના કરી શકે છે. (ઘર એક મંદિર) રહેઠાણને સ્થળે હિન્દુઓ એક ચોકકસ જગ્યાએ મંદિર બનાવીને દેવ-દેવીઓનાં (ચિહ્નાત્મક સ્વરૂપો) મૂર્તિઓ મુકે છે / દોરે છે / બનાવે છે. મંદિરો સામાન્ય રીતે એક મુખ્ય દેવતા માટે બનાવવામાં આવે છે, પણ તે ઉપરાંત ત્યાં બીજા દેવતાઓને ચપણ બેસાડવામાં આવે છે. મંદિરમાં જવુ અનિવાર્ય નથી અને ઘણાં લોકો તો ધાર્મિક-પ્રસંગેજ મંદિર જાય છે. હિન્દુઓ મૂર્તિપૂજામાં માને છે. મૂર્તિ એક ચિહન છે જે મનુષ્ય અને ભગવાનને જોડે છે. ભગવાન સર્વોપરી છે, માટે ચિહ્ન (મૂર્તિ, વસ્તુ જેમ કે સોપારી, શાલિગ્રામ, શિવલીંગ, પાન) એ ભગવાનનું પ્રતિક છે જેને આપણે દૈવી રૂપ પ્રદાન કર્યો છે. પદ્મ પુરાણ કહે છે કે મૂર્તિને માત્ર લાકડુ કે પથરો ગણવા કરતાં અલૌકિક શકિતનું પ્રતિકાત્મક રૂપ માનવું જોઇએ. આર્ય સમાજ જેવા ઘણાં હિન્દુ ધર્મના અનુયાયી પંથો મૂર્તિ

પૂજામાં નથી માનતાં.

હિન્દુ ધર્મે કળા, સાહિત્ય, પૂજા અને શિલ્પનાં ક્ષેત્રે ચિહ્નોની એક વ્યવસ્થા (ઢાંચો, માળખુ) તૈયાર કર્યુ છે જેથી દૈવી તત્વનો સાક્ષાત આભાસ થઈ શકે. આ પ્રતિકો અને ચિહનો ગ્રંથો, દંતકથાઓ તથા પૌરાણિક કથાઓ જેવા સાંસ્કૃતિક ઢાંચાઓમાંથી પોતાનું અર્થઘટન ધરાવે છે. ૐકાર ઓમ, કે જે પરબ્રહ્માંડની ચેતના કરાવે છે. લાભ દર્શાવતું સ્વસ્તિક ચિહન – આ બે ચિહનો હિન્દુ ધર્મ, હિન્દુ તત્વજ્ઞાન અને હિન્દુ વિચારધારાનાં જ પ્રતિક બની ગયા છે, જ્યારે કે બીજા ચિહનો જેમ કે તિલક એ હિન્દુ ધર્મના અનુયાયીઓનો પ્રતિક બની ગયુ છે.

કમળ, ચક્ર અને વીણા જેવા ઘણાં ચિહનો દેવ-દેવીઓનાં પ્રતિક તરીકે જાણીતા છે. મંત્ર એટલે કે નોતરું, પ્રશંસા અને પ્રાર્થના જે પોતાના અર્થ, વાણી અને ઉચ્ચાર ને આધારે શ્રદ્ધાળુઓને મન દૈવી વિચારો પર આધારીત કરવા કાં તો પોતાની શ્રદ્ધા દર્શાવવાં માટે ઉપયોગી રહે છે. ઘણાં શ્રદ્ધાળુઓ નદીને કિનારે વહેલી સવારે ગાયત્રી મહામંત્ર કાં તો મૃત્યં જય જાપ વડે ધાર્મિક ક્રિયાઓ (કર્મકાંડ) કરે છે. મહાભારત પ્રમાણે જાપ કરવું એ કળયુગનાં માનવની સર્વશ્રેષ્ઠ ફરજ છે. હિન્દુઓ પ્રમાણે સમકાલીન યુગ કળયુગ છે. ઘણાં હિન્દુઓ જાપને મુખ્ય ધાર્મિક ક્રિયા તરીકે અપનાવે છે.

**<u>પ્રથાઓ</u>**

મોટા ભાગના હિન્દુઓ રોજબરોજ ધાર્મિક ક્રિયાઓ કરવામાં માને છે. મોટા ભાગના હિન્દુઓ ધાર્મિક ક્રિયાઓનું પાલન ઘરમાં કરે છે, પણ ધાર્મિક ક્રિયાઓનું અને પ્રથાઓનું આચરણ ક્ષેત્ર, ગ્રામ અને વ્યકિત વિશેષ પ્રમાણે બદલાતું રહે છે. કર્મકાંડી હિન્દુઓ વહેલી સવારે સ્નાન પૂર્વે કરાતી પૂજા-અર્ચના, મંત્રોચ્ચાર, ધયાન, ગ્રંથોનું વાંચન, શ્લોક/છંદોનું રટણ જેવા ઘણાં ધાર્મિક કાર્યો ઘરનાં મંદિરમાં / કુળદેવીનાં મંદિરમાં દીવો પ્રગટાવીને અને ભગવાનને જમાડીને કરે છે. આ પ્રથાનું એક ખાસ પાસું છે શુદ્ધ અને અશુદ્ધ વચ્ચેનો તફાવત.

**<u>જાત્રા</u>**

જાત્રા હિન્દુ ધર્મમાં અનિવાર્ય નથી, પણ ઘણાં ખરાં અનુયાયીઓ જાત્રાએ જાય છે. હિન્દુ ધર્મનાં વિવિધતામાં એકતા ને કારણે અલગ-અલગ શ્રદ્ધાઓ પાળીને કરાતી જાત્રાઓને સરખો મહત્વ મળે છે.

**<u>તહેવારો</u>**

હિન્દુ તહેવારોને પ્રતિકાત્મક પ્રથાઓ માનવામાં આવે છે જે સુંદરતા અને અતિશય ઝીણવટથી વૈયકિતક અને સામાજીક જીવનને ધર્મનાં ઢાંચામાં બાંધી લે છે. હિન્દુ ધર્મમાં એક વર્ષ દરમ્યાન ઘણાં તહેવારો ઉજવાય છે. હિન્દુ પંચાગમાં આ તહેવારોની તારીખો આપેલી હોય છે. આ તહેવારો હિન્દુ પુરાણ કથાઓને ઉજવે છે, અને આ ઉજવણીઓ ૠતુચક્રનાં ફેરફારની સાથે સંલગ્ન હોય છે. ઘણાં તહેવારો છે જે જાતિ કે વાર્ણને અનુલક્ષીને હોય છે અને ઘણાં ક્ષેત્રીય સ્વરૂપ પણ ધારણ કરે છે. ભારતીય ઉપમહાદ્વીપમાં ક્ષેત્ર-સંબંધિત તહેવારો જેમ કે ઓણમ, પોંગલ, લોરી, દશેરા, રામલીલા, નવરાત્રી, દુર્ગા પૂજા, લક્ષ્મી પૂજા, શકિતપૂજન, રથયાત્રા ઈત્યાદી ઉજવાય છે. હિન્દુ ધર્મ ભારતનાં મુખ્ય ધર્મોમાંનુ એક છે. ૨૦૦૧ ની એક ગણતરી પ્રમાણે હિન્દુ ધર્મનાં અનુયાયીઓ ભારતની ૨૦૧૨ ની ૧.૨ અબજની જનસંખ્યાનાં ૮૦ % ભાગરૂપે ૯૬૦ મિલિયન અનુયાયીઓ છે. નેપાળમાં ૨૩ મિલિયન, બંગ્લાદેશમાં ૧૪ મિલિયન અને ઈંડોનેશિયાનાં બાલીટાપુપર ૩.૩ મિલિયન અનુયાયીઓ છે.

**<u>હિન્દુઓની સૌથી વધારે ટકાવારી પ્રમાણે હિન્દુ ધર્મનો સૌથી વધુ પ્રભાવ દર્શાવતાં દેશો.</u>**

નેપાળ (૮૬.૫ %), ભારત (૮૦.૫ %), મોરેશિયસ (૫૪%), ગયાના (૨૮ %), ફીજી (૨૭.૯૧%), ભુતાન (૨૫ %), ટ્રિનિડાડ -ટોબેગો (૨૨.૫%), સુરીનામ (૨૦ %), શ્રી લંકા (૧૫ %), બંગ્લાદેશ (૯ %), કતાર (૭.૨ %), મલેશીયા (૬.૩%) અને સિંગાપુર (૪ %)

**<u>અંહિસા, શાકાહાર અને ધર્મ,હિન્દુ ધર્મમાં ગૌ-પૂજા અને ગૌ-રક્ષા</u>**

હિન્દુઓ અંહિસા અને બધા જીવોને સરખો આદર મળે તેની ભલામણ કરે છે. કારણ કે અલૌકિક શકિત બધા જીવોને પ્રભાવિત કરે છે. (બધા જીવોમાં ઝાડપાન અને જાનવરો પણ ખરાં) અંહિસા ઉપનિષદોમાં, મહાભારતમાં અને મનુવાદમાં પણ જોવા મળે છે. અંહિસાને અનુસરીને ઘણાં હિન્દુઓ જીવોને આદર પ્રકટ કરવા માટે શાકાહારને પણ નિભાવે

છે. સમાજ અને ક્ષેત્ર પ્રમાણે લોકોનો આહાર પણ બદલાય છે. જેમ કે ઘણી જાતિઓમાં શાકાહારીઓની માત્રા ખૂબ ઓછી હોય છે અને ઘણાં લોકો સમુદ્રી જીવોને પણ આહારમાં સામેલ કરે છે. હિન્દુ સમાજમાં ગાય ને આદિકાળથી માતૃત્વની નિશાની તરીકે અને એક રક્ષક તરીકે ગણવામાં આવે છે. હિન્દુ સમાજ ગાય ને કરુણાની નિશાની તરીકે પૂજે છે. ગૌ-હત્યા ભારતનાં લગભગ બધાજ રાજ્યોમાં કાયદાકીય રીતે ગુનો છે. હિન્દુ ધર્મનાં આવાં અનુયાયીઓ માંસ, ઈંડા અને સમુદ્રજીવોને પોતાના આહારમાં સામેલ નથી કરતાં.

# જૈન ધર્મ

જૈન ધર્મ ભારતનો એક અગ્રણી ધર્મ અને વિચારધારા છે જે અંહિસાનો પંથ સૌ જીવો તરફ અને સૃષ્ટિ તરફ અપનાવે છે. જૈન તત્વજ્ઞાન અને પ્રથા જાત મહેનત અને શ્રમ ને આત્માને મોક્ષ તરફ વારતું સાધન ગણાવે છે. જે આત્માએ પોતાની અંદર રહેલા શેતાન ઉપર નિયંત્રણ જમાવી લીધું હોય તે મહામાનવ કાં તો દૈવી આત્મા બની ગયું છે, તેને 'જિન' (વિજેતા) પણ કહે છે. આવી સિદ્ધ આત્માઓને અનુરુ સ્થાન આપવામાં આવ્યું છે. પૌરાણિક ગ્રંથો / આદિગ્રંથો જૈન ધર્મને શ્રમણધર્મ (સ્વ-નિર્ભર) કાં તો નિરગ્રંથોના પંથ (જેને ગ્રંથો સાથે કોઇ લેવા-દેવા ન હોય) તેવાં ધર્મ તરીકે જણાવે છે. જૈન વિચારધારા કહે છે કે જૈન ધર્મ હંમેશાથી હયાત છે અને નિરંતર હયાત રહેશે, જો કે ઇતિહાસકારો માને છે કે ઇસવીસન પૂર્વેની ૯ મી અને ૬ ઠ્ઠી સદીના કાળ દરમ્યાન જૈન ધર્મ તેનાં સમકાલીન રૂપમાં ઉદભવ પામ્યું.

સમકાલીન જૈન ધર્મ એક સંકુચિત પણ પ્રભાવશાળી અલ્પસંખ્યક સમાજ છે જેના ભારતમાં લગભગ ૬૦ લાખ અનુયાયીઓ છે અને ઉત્તર અમેરીકામાં, પશ્ચિમ યુરોપમાં, પૂર્વનાં દેશોમાં, ઓસ્ટ્રેલીા તથા દુનિયાના વિવિધ ભાગોમાં ફેલાયેલા છે. જૈનોનો ભારતનાં સાંસ્કૃતિક, રાજકરણી અને આર્થિક વ્યવસ્થામાં સારો એવો પ્રભુત્વ અને ફાળો રહયો છે. શિક્ષણનો જુનો વારસો અને શિક્ષિતોની સારામાં સારી ટકાવારી ધરાવતું ધાર્મિક સમાજ ભારતમાં જૈન સમાજ છે. જૈન ગ્રંથાલયો ભારતમાં જુનામાં જુના છે.

**<u>ઇતિહાસ</u>**

ત્રેવીસમાં તીર્થંકર પાર્શ્વનાથ એ જૈનોનાં આદિ તીર્થંકર તરીકે ગણાય છે. જૈન તત્વજ્ઞાન માને છે કે વર્તમાનમાં તીર્થંકરોની વારસો ઋષભદેવ સાથે ચાલુ થયો, તે ઉપરાંત, જૈનો પોતે માને છે કે જૈન ધર્મનાં કોઇ એક સ્થાપક ન હતાં, તે અનાદિકાળથી હયાત હતો અને હયાત રહેશે, જો કે મનુષ્યો ઘણીવાર જૈન ધર્મને ભૂલી જાય છે. સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્ય નિવૃત્તિ પછી જૈન બન્યા. મોટી વયે સમ્રાટ ચંદ્રગુપ્તે રાજગાદી તથા સમ્રાટના બિરૂદનો બહિષ્કાર કરી જૈન મુનીઓની એક હરતી ફરતી ટોળીમાં જોડાઇ ગયા. ચંદ્રગુપ્ત આચાર્ય ભદ્રબાહુનાં શિષ્ય હતાં. એવુ મનાય છે જીવનનાં છેલ્લા દિવસોમાં તેમણે શુદ્ધીકરણ માટે આકરો ગણાતો એવો 'સંથારો' નામનો જૈન સંસ્કાર કર્ણાટકમાં શ્રવણ બેલગોડા ખાતે પાળેલો. સંથારાનો અર્થ છે 'આમરણ ઉપવાસ'

૫૫ લાખ (૫.૫ મિલિયન) અનુયાયીઓ સાથે જૈન ધર્મ વિશ્વનાં સૌથી નાનાં (લઘુમતી) મુખ્ય ધર્મોમાં સ્થાન ધરાવે છે, પણ ભારતમાં આ ધર્મનો પ્રભાવ આંકડાના પ્રમાણ ખૂબ ફેલાયલો છે. જૈનો ભારતભરમાં ફેલાયેલા છે. ભારતનાં રાજ્યોમાંથી મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ગુજરાતમાં સૌથી વધુ જૈનોની વસ્તી છે. સારી એવી જૈન વસ્તી ધારવતાં બીજાં ભારતનાં રાજ્યો છે કર્ણાટક, તામિલનાડુ, બુંદેલખંડ અને મધ્ય પ્રદેશ. પંજાબ રાજ્યનાં લુધિયાના અને પટિયાલા શહેરોમાં સારી એવી જૈન વસ્તી છે, જ્યારે ૧૯૪૭ માં લાહોરી જૈનોની વસ્તી સારી એવી હતી, પણ ભારતનાં ભાગલા વખતે તેમાનાં ઘણાં ભારતમાં આવી ગયા. ભારતનાં વિભિન્ન ભાગોમાં અને સમગ્ર દુનિયામાં જૈનોની ઘણી બધી જ્ઞાતિઓ વસે છે. જેઓ જે તે દેશીની ભાષા બોલે છે અને વિવિધ પ્રથાઓ પાળે છે પણ તેમનાં સિદ્ધાંતો સરખા છે. ભારતની બહાર સંયુકત રાષ્ટ્ર અમેરીકા (U.S.A.) , યુનાઇટેડ કિંગડમ, કેનેડા અને પૂર્વ આફ્રિકા / ઇસ્ટ આફ્રિકા (કેન્યા, ટાનઝાનિયા, યુગાન્ડા) માં પણ જૈનોનો સારો એવો વસવાટ છે.

**<u>પ્રથાઓ</u>**

જૈનો શાકાહારી હોય છે. જેઓ કંદમૂળ ખાવાથી પણ પરહેજ રાખે છે કારણ કે છોડને તેનાં મૂળમાંથી કાપવાથી છોડ મરી જાય છે, જ્યારે કે પાન, ફળ, કે બીજ આરોગવાથી છોડ મરતો નથી. તે ઉપરાંત, જૈન ગ્રંથો પ્રમાણે કંદમૂળમાં અનેક અતિશય ઝીણાં નિગોડા નામનાં જીવ રહે છે. જૈનો સૂર્યાસ્ત પહેલા જમી લે છે. તેઓ પાણીને રોગમુકત કરેને પીવે છે અને ઉકાળેલા પાણીનું સેવન કરે છે. જૈન સાધુ અને સાધ્વીઓ કઠોર તપસ્યામાં માને છે અને પોતાના વર્તમાન જન્મને પોતાનો છેલ્લો જન્મ બનાવવાની કોશિશ કરે છે જેથી તેમના આત્માને મોક્ષ મળે. સામાન્ય માણસો પણ જૈન ધર્મના

અનુયાયી હોવાને કારણે જૈન ધર્મનાં પાંચ સિદ્ધાંતોને યથાશકિત અને યથાસંજોગ પાળે છે. 'અહિંસા પરમો ધર્મ'નું પાલનકરી જૈન ધર્મનાં અનુયાયીઓ એવો વ્યવસાય શોધે છે જેમાં જીવન તરફ આદર અને સુરક્ષા હોય તથા હિંસક જીવનને સંપુર્ણ રીતે નકારે છે.

જૈન ધર્મમાં અનેક પ્રથાઓ છે. ઐતિહાસિક રીતે, જૈન ધર્મની વિવિધ પ્રથાઓ એકબીજાનાં ગ્રંથોને પ્રભાવ / પ્રભુત્વ અજમાવતાં માનીને નકારી દે છે. ઉદાહરણ સ્વરૂપે દિગમ્બરો શ્વેતામ્બરોને નગણ્ય કરે છે. જેમની માન્યતાઓ અને પ્રથાઓમાં થોડો ફરક છે, પણ તેમની શ્રદ્ધા એક છે. જૈન ધર્મનાં બધા પંથો અહિંસા, સત, ચોરી-ચકારીની અવગણના, વાસનાપર નિયંત્રણ અને દાન પુણ્યમાં માને છે.

<u>મુખ્ય સિદ્ધાંતો</u>

જૈન ધર્મ વ્યકિતનાં ચરિત્રની કેળવણી વ્યકિત વિશેષની બુદ્ધિમતતા તથા સ્વનિયંત્રણ દ્વારા પ્રેરે છે. જૈન ધર્મનાં ત્રણ મુખ્ય સિદ્ધાંતાઃ, સમ્યક દર્શન (સાચી નજર), સમ્યક જ્ઞાન (સાચી માહિતી), અને સમ્યક ચરિત્ર (સાચુ અને સારુ ચરિત્ર). આ સિદ્ધાતોનું પાલન વ્યકિતને જીવન અને મૃત્યુના ચક્રમાંથી મોક્ષ કાં તો મુકિત અપાવે છે જયારે મનુષ્યનો અંતરાત્મા પોતાનાં કાર્મિક બંધનોને ત્યાગી દે છે, ત્યારે તે પરમાનંદ દિવ્ય દ્રષ્ટિ પ્રાપ્ત કરે છે. જેમાણે મોક્ષ પામ્યો છે તેમને સિદ્ધ કહે છે, જયારે કે સંસાર સાથે કર્મ દ્વારા જોડાયેલ લોકોને સંસારી કહે છે. દરેક આત્માને જીનોધ્વારા ચીંધેલો પંથ તીર્થંકરોનાં આદેશથી અનુસરવાનો છે જેથી તેમને મુકિત કાં તો નિર્વાણની અનુભૂતિ મળે. જૈનો Great Vows (મહાનવ્રતો)નો પાલન કરે છે.

- સત્ય
- અહિંસા
- અસ્તેય
- બ્રહ્મચર્ય
- અપરિગ્રહ

<u>આત્મા</u>

દરેક જીવ એક આત્મા છે. દરેક આત્મા ઔલોકિક અને દૈવી શકિત ધરાવે છે જેમાં અપાર જ્ઞાન, સમજ, શકિત અને પરમાંનદ છે. માટે દરેક જીવને પોતાનો પર્યાય માનો, કોઇને પીડા ન આપો, દરેક આત્મા પોતાના કર્મથી દૈવી-માનવી, અમાનવ (જાનવર) કાં તો નર્કનો જીવ (શેતાન, રાક્ષસ) બને છે. દરે આત્મા પોતાનો ઘડવૈયો છે. આ જન્મમાં કે મૃત્યુ પર્યંત જયારે આત્મા કર્મથી મુકત થાય છે, ત્યારે તેને અલૌકિક આનંદ પ્રાપ્ત થાય છે અને અનંત બુદ્ધિ, સમજ, શકિત અને મોક્ષ મેળવે છે.

<u>જૈન ધર્મનાં ત્રણ સિદ્ધાંતો</u> (ખરી, દ્રષ્ટિ, ખરુ જ્ઞાન, ખરુ ચરિત્ર) મનુષ્યને ચેતના તરફ પ્રેરે છે. કોઇ દૈવી શિલ્પકાર, માલિક, રક્ષક કે ભક્ષક નથી, બ્રહ્માંડ આપખુદ છે અને દરેક આત્મા પાસે સિદ્ધિ હાંસલ કરવાની શકિત છે.

<u>અહિંસા</u> સાચી સમજની કેળવણી માટે ખૂબ ઉપયોગી છે તે સાચા જ્ઞાનનું મૂળ છે અને સાચા ચરિત્રનું અમૃત છે. અહિંસાનાં પાલનથી ભૌતિક વસ્તુઓથી મુકિત મળે છે, વિચારોમાં તે દયા અને ક્ષમા કેળવે છે. બીજાનાં અભિપ્રાયોને મહત્વ આપવાની સમજ કેળવે છે.

જૈન ધર્મ અને વિચારધારાનો હેતુ છે વિચાર, વાણી અને કર્મ ના નકારાત્મક અસરોમાંથી આત્માની મુકિત આ હેતુ કાર્મિક બાધાઓને સર કરવાથી પૂરો પડે છે.

નવકાર મંત્ર (નમસ્કાર મંત્ર) જૈન ધર્મની મુખ્ય પૂજા છે. આ મંત્રોચ્ચાર કરવાથી શ્રદ્ધાળુ અરિહંતોને આદર પ્રકટ કરે છે, મોક્ષ પામેલ આત્માઓ પુનર્જન્મમાંથી મુકત થાય છે તથા આચાર્ય, ગુરૂ, સાધુ, મુનિ અને સાધ્વીઓ પાસેથી પણ મુકત થાય છે. નમો નમઃ કહીને જૈનો કર્મમાંથી મુકિત મેળવવાના પંથે ચાલવા પ્રેરાય છે.

જૈન ધર્મ તીર્થંકરોની રક્ષા કરતાં દૈવી જીવોના અસ્તિત્વમાં માને છે. નર યક્ષ અને નારી યક્ષિનીના જોડામાં આવા

રક્ષકો જોવા મળે છે. જેમની પાસે દૈવી શકિત હોવા છતાંય આ દેવ દેવીઓ પણ જીવન અને મૃત્યુનાં ચક્રમાંથી વીતતી આત્માઓ છે. ઊંમય જતા લોકો આવા દેવ દેવીઓને પણ પૂજવા માંડયા.

જીવદયા જૈન ધર્મનાં મૂળમાં છે. મનુષ્ય જીવનને ભેટ ગણાય છે. અન્ય વ્યકિત, નિર્દોષ કાં તો ગુનેગાર ને મારવું પાપ ગણાય છે. જૈન ધર્મ સૌ અનુયાયીઓ, મુનીઓ, સામાન્ય માણસો અને ધનિકો પાસે શાકાહારનો વ્રત પાળવાની આશા રાખે છે. ભારતનાં ઘણાં રાજ્યોમાં જેમ કે ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં જૈનોનો ખૂબ પ્રભાવ રહયો છે અને તેને કારણે આ ક્ષેત્રોમાં વસતાં હિન્દુઓ પણ શાકાહારી થઈ ગયા છે.

**જૈન ધર્મમાં શાકાહાર**

જૈન ધર્મનાં અનુયાયીઓ શુદ્ધ શાકાહારમાં માને છે. જેઓ. શાકાહારને અહિંસા અને સહકારી સામાજીક જીવન માટે અનિવાર્ય ગણે છે. અહિંસાનાં મુખ્ય સિદ્ધાંતોનું પાલન યથાશકિત, યથાસમય અને યથા સંજોગ કરવામાં આવે છે. જૈન ધર્મ માને છે કે પોતાનું કામ થોડી ઘણી હિંસા વિના કરવું શકય નથી, પણ તે હિંસાનું માત્ર બને તેટલું ઓછું કરવું જોઈએ. જૈન ધર્મમાં રેશમ કાં તો ચામડાની બનેલી વસ્તુઓ પર નિષેધ છે કારણ કે રેશમ અને ચામડુ પશુઓની હત્યા કરીને મેળવવામાં આવે છે. કાંદા, બટાકા, લસણ, ગાજર, મૂળો, શકકરીયા, શલગમ જેવા કંદમૂળ ને આહારમાં સામેલ કરવા પર જૈન ધર્મ પ્રતિબંધ મૂકે છે. કારણ કે આવા કંદમૂળો મેળવવા માટે ઝાડપાનની હત્યા કરવી પડે છે. જૈનો તિથિઓ પ્રમાણે પણ આહારમાં સખત નિયંત્રણ રાખે છે. જૈનોની તિથિઓ અગિયાર દિવસ માટે હોય છે. (શુકલ પક્ષનાં ૬ દિવસ અને કૃષ્ણ પક્ષનાં ૫ દિવસ) આ દિવસો દરમ્યાન જૈનો લીલાં શાકભાજી આરોગતાં નથી, ન તેઓ ચપ્પુ-છુરા જેવી કોઈ અણીદાર વસ્તુનો રસોડામાં ઉપયોગ ટાળે છે.

**જૈન ધર્મમાં ઉપવાસ**

ઉપવાસ એ બાહય રીતે નિયંત્રણ રાખવા માટેનું એક મુખ્ય સાધન છે. ઉપવાસ કરવાથી શરીરની જરૂરીયાતો નિયંત્રિત રહે છે અને આત્માના ઉદ્ધાર તરફ મદદ થાય છે. આસ્થા પ્રમાણે વ્યકિતનાં ખરાબ કર્મોનું ઉપવાસ કરવાથી નિવારણ થાય છે.

**જૈન પ્રથાઓ**

દરરોજ જૈન ધર્મનાં મોટા ભાગનાં અનુયાયીઓ ભગવાન આગળ નમીને પોતાની પ્રાર્થના કરે છે. આ પ્રાર્થના ને નવકાર મંત્ર કહે છે, જેને પંચ પરમેશી સૂત્ર કાં તો પંચ નમસ્કાર સૂત્ર પણ કહે છે. નવકાર મંત્ર જૈન ધર્મની મુખ્ય પ્રાર્થના છે અને દિવસ દરમ્યાન કયારેય પણ તે ગાઈ શકાય છે.

જૈન તહેવારોમાં અંતર અને બાહ્ય બંને રીતે ઉજવણી કરવામાં આવે છે. અંતરની ઉજવણી એટલે જીણો તરફ શ્રદ્ધા દર્શાવવી, ધ્યાન કરવું, આધ્યાત્મિક જ્ઞાન મેળવવું અને ત્યાગ કરવો.

પર્યુષણ જૈનોનો મૂળભૂત તહેવાર છે. જેને દશલક્ષણ પર્વ પણ કહે છે. તે ઓગષ્ટ / સપ્ટેમ્બર દરમ્યાન ઉજવવામાં આવે છે અને તેની શરૂઆત આથમતા ચંદ્રના ૧૨ માં દિવસે શરૂ થાય છે. ઉત્તર ભારતમાં આ સમય દરમ્યાન ચોમાસું હોય છે. આ ૧૮ દિવસો દરમ્યાન જૈન મુનિઓ અને વિચારકો મંદિરોમાં જઈ જઈને જૈન તત્વજ્ઞાનનો પ્રચાર કરે છે. આ સમય દરમ્યાન જૈનો ઉપવાસ જેવાં બાહ્ય નિયંત્રણો પાળે છે તથા જીવ જંતુઓને ઓછામાં ઓછી તકલીફ પહોંચે તેના લીધે થઈને વ્યવસાય અને અન્ય પ્રવૃત્તિઓનો પ્રમાણ ઘટાડી દે છે. આ તહેવાર પૂરો થાય ત્યારે ભૂતકાળ તરફ એક નજર નાખવામાં આવે છે અને પાપોના નિવારણ માટે પ્રતિક્રમણ કરવામાં આવે છે. જયાં લાગુ પડે ત્યાં ક્ષમા માંગવામાં આવે છે અને ક્ષમા કરવામાં આવે છે.

મહાવીર જયંતિ એ ભગવાન મહાવીરની જન્મ તિથિ તરીકે ઉજવાય છે. ચૈત્ર મહિનાનાં તેરસ નિમિત્તે અંતિમ તીર્થંકરની જન્મતિથિ ઉજવાય છે. આ દિવસ જયોર્જિયન પંચાગનાં એપ્રિલ કે માર્ચ માસમાં પડે છે. સારાઈ શીખવવા માટે પ્રવચનો આપવામાં આવે છે. ત્રદ્ધેકો ધ્યાન કરે છે અને પૂજા કરે છે.

**<u>જૈનોનાં સંવિધાનિક સ્થિતિ</u>**

૨૦૦૫ માં ઉચ્ચ ન્યાયાલયે જૈન ધર્મને લઘુમતી ધરાવતું ધર્મ માનવાથી કાયદાકીય રીતે ઈન્કાર કરી દીધો. કોર્ટે કહયુ કે ભારતનાં પાંચ રાજયોમાં જૈન ને લઘુમતી ધરાવતો ધર્મ ઘોષિત કરાઈ ચુકયું છે. બીજા રાજયો બાબતે આ વાત રાજય સરકાર પર છોડવામાં આવ્યો છે. ૨૦૦૬ માં એક રાજય વિશે ચુકાદો આપતાં ઉચ્ચ ન્યાયાલયે કહયું, જૈન ધર્મ હિન્દુ ધર્મનો ભાગ કોઈ સંજોગોમાં નથી.

# શીખ ધર્મ

શીખ ધર્મ એક ભગવાનમાં માનનાર ૧૫મી સદીમાં પંજાબમાં ઉદભવેલ કર્મ છે. ગુરૂ નાનક દેવ આ ધર્મનાં પ્રણેતા હતાં. તેમના પછી દસબીજા શીખ ગુરૂઓ થઇ ગયા. તેમાંના અંતિમ હતા ગુરૂ ગ્રંથ સાહિબ જી. દુનિયાનો પાંચમો સૌથી મોટો સંચાલિત ધર્મ છે જેનાં લગભગ ૩૦ મિલિયન અનુયાયીઓ છે. ગુરમત (ગુરુની બુદ્ધિમત્તા) તે મુખ્યત્વે શીખ ધર્મનો તત્વજ્ઞાન છે. ભારતનું પંજાબ રાજ્ય સમગ્ર વિશ્વમાં શીખોની બહુમતિ ધરાવતું એકમાત્ર પ્રદેશ છે. શીખોએ સંત-સિપાહીની ભુમિકા નિભાવવાની હોય છે. શીખ વ્યકિત પોતાની અંદર રહેલી વાસનાઓનો શિકાર ન થઇ ગુરૂ ગ્રંથ સાહિબમાં આવરેલા ગુણોનો અનુયાયી રહેવો જોઇએ.

શીખ ધર્મની મુખ્ય માન્યતાઓ છે વાહેગુરૂ (એક ભગવાન) શીખ વ્યકિત સમાજ સુધારમાં ધાર્મિક અને નૈતિક ફરજ માનીને જોડાવું જોઇએ. સમૂહમાં ધ્યાન કરીને પરમાનંદ અને શાંતિ મેળવવું એ એક શીખનો હેતુ હોવો જોઇએ. દસ શીખ ગુરૂઓનાં વચનોનું પાલન, ગુરૂ ગ્રંથ સાહિબનું પાલન, ૧૦માં થી ૬ ધર્મ ગુરૂઓનાં સંદેશ તથા શ્રદ્ધાળુઓ દ્વારા કરવામાં આવેલું લખાણ શીખે વાંચવું જોઇએ.

શીખીનાં અનુયાયીઓને શીખ કહે છે. શીખ એટલે શિષ્ય કાં તો ચેલાં. તેઓ ૩૦ મિલિયનની સંખ્યા ધરાવે છે. ભારતનાં વિભાજન પૂર્વે અને પંજાબના વિભાજન પૂર્વે આજે પાકિસ્તાની પંજાબ (પાકિસ્તાન દેશનો પંજાબ પ્રાંત) માંય ઘણા શીખો વસે છે.

## શીખ ધર્મનું તત્વજ્ઞાન : સિદ્ધાંતો અને મૂલ્યો

હરમંદિર સાહિબ (સુવર્ણ મઃદિર) શીખોનું ધર્મ સ્થળ છે. ગુરૂ નાનક અને તેમના પછીનાં ગુરૂઓનાં સંદેશમાં શીખ ધર્મનું મુળ રહેલું છે. સત્યની અનુભૂતિ સર્વોપરી છે. એથીય વધુ ઉચ્ચ છે સચ્ચાઇ ભર્યુ જીવન. આમ કહી ગુરૂનાનકે શીખ ધર્મનાં અર્થનું મુળ આપ્યુ. સર્વ મનુષ્યોની સમાનતા તથા જાતિ, વર્ણ અને સામાજીક સ્થિતિ પ્રમાણે દેખાદેખી ની નાબૂદી એ શીખ ધર્મનો મૂળ છે. શીખ ધર્મ સામાજીક અને પારિવારિક જીવનને પ્રેરણા આપે છે.

શીખ એક ભગવાનમાં માનતું ધર્મ છે. વાહેગુરૂ (ભગવાન) નો આકાર, સમય કે દ્રષ્ટિ નથી. તેમને જોઇ શકવાં અશકય છે. તે નિરંકાર, અકાલ અને અલખ છે. શીખ ધર્મનાં પ્રતિકમાં " " છે જે એક ભગવાન કાં તો સર્વોપરિ દર્શાવે છે. એક ઓંકાર દ્વારા ભગવાન સર્વોપરી અને સર્વવ્યાપી છે તે દર્શાવવામાં આવે છે. સર્જન પૂર્વે ભગવાન અને તેમનો 'હુકમ' ચાલતો હતો. ભગવાને ઇચ્છયું ત્યારે બ્રહ્માંડનું સર્જન થયું. આવી શરૂઆત પછી, ભગવાન 'માયા' તરીકે જીવનમાં ઉતારવામાં આવ્યા.

ભગવાનને સંપૂર્ણ રીતે સમજવા મનુષ્ય માટે શકય નથી. નાનકે ભગવાનને સંપૂર્ણ રીતે ન સમજી શકાય તેવાં સર્વોપરિની વ્યાખ્યા આપી. ભગવાન સર્વ વ્યાપક છે. (તેઓ બધે છે) અને (દૈવી શકિત ધરાવનારને તથા અલૌકિક જ્ઞાન ધરાવનારને ભગવાન જોવા મળે) શ્રદ્ધા હોય ત્યાં ભગવાનનાં દર્શન થાય. ધ્યાન કરીને ચેતના તરફ જવાય છે એમ કહેતા નાનકે કહયું કે ભગવાનને દિવ્ય (mind's eye, inward eye) અને હૃદયપૂર્વક (Heart) અનુભવવામાં આવે તો તેમના દિવ્ય દર્શન શકય છે. ધ્યાન એ મનુષ્ય અને સર્વોપરી વચ્ચે વાતચીતનું સાધન, આદાન્નપદાનનું માધ્યમ (ગુરૂ નાનક) ભગવાનો શીખીનાં કોઇ જાતી નથી. તેઓ અકાલ પુર્ખ અને નિરંકાર (આકારહીન) છે. ભગવાને એક થી વધુ જગ્યાએ જીવનનું સર્જન કયું છે.

## ખાલસા

ગુરૂ નાનકનાં સંદેશમાં સ્વર્ગ-નર્કની ચર્ચાને બદલે મનુષ્ય અને ભગવાન વચ્ચે વિચાર વિમર્શ અને આત્મીયતા પર જોર અપાય છે. ગુરૂ ગોબિંદ સિંહ દ્વારા પ્રચલિત ખાલસા પંથનો મુખ્ય સંદેશ છે કે મનુષ્ય જીવન સૌથી મોટી ભેટ છે. જે નસીબદાર લોકોને જ મળે છે. માટે એનો પૂરેપુરો મહત્વ સમજવો જોઇએ. શીખો ચકરવાલીમાં માને છે - (સ્વતંત્રતા ની જેમ સ્વતંત્ર રહેવું, ધુલામ ન બનવુ, બિંદાસ જીવન, સાધુ તો ચલતા ભલા ને બદલે આદમી તો ચાલતા ભલા) માયા જેનો અર્થ છે ભ્રમ કાં તો અસત્ય તે ભગવાન અને તૃપ્તિ કરતાં અલગ પડે છે. ભૌતિક સુખોને કારણે મનુષ્યો લોભાઇ જાય છે.

નાનકે કહયુ માયાનો અર્થ ભ્રમ નહિ, પરંતુ જીવનના મૂલ્યો છે. અહં, રોષ, લાલચ, લોભ અને કામ વાસના પાંચ પાપ ગણાય છે.

ન શબ્દ (દૈવી શબ્દ) એકતા દર્શાવે છે. શ્રધ્ધા જ મોક્ષ તરફનો માર્ગ છે. નાનકે જાત્રા, ધાર્મિક ક્રિયા, કર્મકાંડ વગેરે નો સખ્ત વિરોધ કર્યો છે. હાર્દિક રીતે, બતાવેલી શ્રધ્ધા જ ખરી શ્રધ્ધા છે. ગુરબાની પ્રમાણે મનુષ્ય જીવન મુખ્ય હેતુ છે સત્ય સાથે એકાગ્ર થવું.

નામ : દૈવી / અલૌકિક નામને યાદ કરવું. ભગવાન તરફ પ્રયાણ કરવાના અને ભગવાનને પામવાના પથ તરીકે નામ સિમ્રની નાનકે વકાલત કરી.

કીરત કરો : વ્યવસાય, કર્મકાંડ, શ્રધ્ધા અને દાન પુણ્ય, જીવોની રક્ષા અને ભાઈચારો આ સર્વેનું સંતુલન.

વા ચકકો - શીખ ધર્મમાં લંગર દ્વારા મફત આહાર આપવાની વાત શીખ ધર્મમાં કરાયેલી છે તથા સેવા (સમાજસેવા) દ્વારા સમાજના હિતમાં કામ કરવાની વાતને મહત્વ અપાયેલું છે. શીખો માને છે કે જાતિ, ધર્મ અને પ્રજાતિ ને ધ્યાનમાં લીધા વગર શીખ ધર્મમાં ભગવાન માટે બધાં મનુષ્યો સરખા છે.

**<u>શીખ ગુરૂઓ</u>**

ગુરુ એટલે શિક્ષક, રાહ બતાવનાર, ગઢવૈયો. શીખોનાં દસ ગુરુઓ ૧૪૬૯ થી ૧૭૦૮ દરમ્યાન થઈ ગયા. દરેક ગુરુએ તેના અગાઉના ગુરુની વાતને વાચા આપી તેમાં વધારા પણ કર્યા. ગુરૂનાનકે, પહેલાં ગુરૂએ તેમને શિષ્યને વારસો સોંપ્યો. મનુષ્ય રૂપમાં ગુરૂ ગોબિંદસિંહ આખરે આવ્યા અને છેલ્લા ધર્મગુરુ હતાં. તેમાણે કહયું કે ગુરૂ ગ્રંથ સાહિબ શીખોના નિરંતર કાળ માટે ગુરૂ રહેશે. ગુરૂ અમરદાસ પછી આવેલ તેમના જમાઈ ગુરૂ રામદાસે અમૃતસરમાં હરિમંદિર સાહિબની સ્થાપના કરી. અમૃતસર એક ધામ બની ગયું છે. શીખ ગુરૂઓના સંદેશને અનુસરીને શીખ ધર્મનાં અનુયાયીઓ બદલાતાં સંજોગો સામે એક જુથ થઈને સમાજ તરીકે લડે છે. અકાલ તખ્ત છઠ્ઠા ગુરુ હરગોબિંદે ઉભુ કર્યું.

**<u>શીખ ધર્મનો ઈતિહાસ</u>**

શીખ ધર્મના પ્રથમ ગુરૂ નાનકનો જન્મ હાલમાં પાકિસ્તાનમાં સ્થિત તલવંડી જીલ્લાના રાઈભોઈ ગામમાં થયો હતો. આ જગ્યા આજે નનખાણા સાહિબ તરીકે ઓળખાય છે અને પાકિસ્તાનમાં સ્થિત છે. બેદી સમાજના ખત્રી હિંદુઓમાં તેમના માતા-પિતા હતાં. બાળક તરીકે ભગવાન અને ધર્મ વિશે નાનકને ખૂબ તાત્પર્ય હતો તે ધાર્મિક ક્રિયાઓ ભાગ લેવાને બદલે ધ્યાન કરે. જીવનનાં સત્યને શોધવાની તેની ઈચ્છાને કારણે તેણે સાધુ તરીકે જીવન અપનાવ્યું.

ભગવાનની સેના (અકાલ પુરખ દે ફૌજ) નામે ઓળખતાં ખાલસા પંથની શરૂઆત ગુરુ ગોબિંદ સિંહે ૧૬૯૯ માં કરી.

**<u>ગ્રંથ</u>**

ગુરૂ ગ્રંથ સાહિબ શીખોનો મૂળભૂત ગ્રંથ છે. જેને આદિ ગ્રંથ તરીકે પણ ઓળખાય છે (પ્રથમ અંક)એક મતાનુસાર આદિગ્રંથ એટલે ગુરુ અરજન દેવે ૧૬૦૪ માં લખેલ ગ્રંથ ગુરુ ગ્રંથ સાહિબ દ્વારા તૈયાર કરેલું પુસ્તક છે. દશમ ગ્રંથ અને જનમ સખી જેવા બીજા લખાણ પણ છે પણ આ લખાણો એ થોડી ચર્ચા ઉભી કરી છે.

**<u>શીખ તહેવારો</u>**

એમ જોવા જઈએ તો શીખ ધર્મમાં તહેવારો નથી. પણ, ગુરુઓ અને વીરોના બલિદાનને ઉજવવામાં આવે છે. SGPC નામક શીખ સંગઠન પંજાબના ગુરુદ્વારાઓની રક્ષા કરે છે અને નાનકશાહી પચંચાગને આધારે ઉજવણીઓ ગોઠવે છે. જો કે નાનકશાહી પંચાગને સર્વસંમિત નથી મળી.

૩૦ માર્ચ, ૧૬૯૯ માં ગુરૂ ગોબિંદસિંહ દ્વારા ખાલસા પંથની શરૂઆત થઈ એની યાદમાં વૈશાખી શરૂઆત કરાયો એની યાદમાં વૈશાખીનો તહેવાર ઉજવાય છે. ખાલસા પંથ ગુરૂ ગ્રંથ સાહિબનો અગિયારમો અધ્યાય છે અને નિરંતર છે.

## <u>પ્રથાઓ</u>

ગુરૂ નાનકે મૂર્તિ પૂજા, યજ્ઞ જેવી ક્રિયાઓને ગણકારી નથી. ઉપવાસ અને યાત્રા શીખ ધર્મમાં ખૂબ ઓછા છે. શીખો ધર્મ બદલવામાં માનતા નથી પણ શીખ બનેલા લોકોને આદરથી આવરી લેવામાં આવે છે. સવાર-સાંજ ની ેપૂજા અર્ચના બે કલાક ચાલે છે અને વહેલી સવારે ચાલુ થાય છે.

બાળકનાં જન્મ પર ગુરૂ ગ્રંથ સાહિબ કોઇ એક પાને ખોલવામા આવે છે અને ડાબા પાનાનાં સૌથી ઉપરનાં ડાબી બાજુના પ્રથમ શબ્દ વડે બાળકનું નામકરણ કરવામાં આવે છે. છોકરાઓનાં નામ પાછળ સિંહ અને છોકરીઓ માટે કૌર વપરાય છે. છ્વવાહ માટે કરજ પ્રથા અપનાવાય છે જેમાં ગ્રંથ સાહિત્ય ની આજુબાજુ દંપત્તિ પ્રદિક્ષણાકરે છે અને 'બે શરીક એક આત્મા' તરીકે તેમનો સમાગમ થાય છે. શીખ ધર્મમાં પતિ-પત્નીને કોઇ ખાસ કારણ સિવાય છુટાછેડા કરવા દેવામાં આવતાં નથી. સિવિલ કોર્ટમાં થયેલા છુટાછેડા માન્ય છે. શીખોને દેહના અંતિમ સંસ્કાર, મોટા ભાગે ચિતાને અગ્નિ આપવાથી કરવામાં આવે છે. આમ શકય ન હોય તો કોઇ બીજી રીત અપનાવાય છે. કીર્તન સોહિલા અને અરદશ નામક બે પ્રાર્થનાઓ શોક સભામાં ગાવામા આવે છે.

વિશ્વભરમાં ૨૫.૮ મિલિયન (૨૫૮ લાખ) શીખો છે. વિશ્વની જન સંખ્યાનો ૦.૩૯ % મો ભાગ છે. ૭૫ % શીખો પંજાબમાં બહે છે. પંજાબ રાજયની વસ્તીમાં ૬૦ % શીખો છે. પંજાબ નજીક તેનાં પાડોશી રાજય હરિયાણામાં ઘણા શીખો વસે છે. અહીં ૧.૧ મિલિયન શીખો રહે છે. ભારતનાં ઘણાં પ્રાંતોમાં શીખોનો વસવાટ છે. પણ ભારતની જન સંખ્યામાં ફકત ૨ % શીખો છે. અમેરીકા ઉપરાંત પશ્ચિમ યુરોપ, મોરેશિયસ, મલેશીયા, ફી જી, નેપાળ, ચીન, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, ઇરાક, સિંગાપોર, મેકિસકો માં પણ શીખોનો વસવાટ છે.

## <u>ધર્મ નિષેધ</u>

વાળ કપાવવા પર નિષેધ

દારૂબંધી, નશાબંધી

શીખ ધર્મમાં પતિ-પત્ની એકબીજા તરફ વફાદાર હોવા જોઇએ.

અંધ શ્રધ્ધા પર નિષેધ

સતી પ્રથા પર પ્રતિબંધ, જાનવરો બલિ પર પ્રતિબંધ

ગુરૂ ગોબિંદ સિંહ દ્વારા શીખ ધર્મમાં પંડાઓને નાબુદ કરવામાં આવ્યા.

# <u>બૌદ્ધ ધર્મ</u>

બૌદ્ધ ધર્મ ભારતીય ઉપમહાદ્વીપની પરંપરાઓ, વિશ્વાસો અને પ્રણાલીઓ ને આવરી લેતું ધર્મ છે. જેનો પ્રચાર મુખ્યત્વે સિદ્ધાર્થ ગૌતમે કરેલો જે સામાન્ય રીતે બુદ્ધ નામે જાણાતા હતાં. બુદ્ધનો અર્થ સંસ્કૃત અને પાલીમાં છે બોધિત (the awakened one) બુદ્ધ ભારતના પૂર્વના ભાગમાં રહયા અને ત્યાં જ તેમણે સાધારણ યુગની ૬ ઠ્ઠી અને ૪ થી સદીઓ વચ્ચે બોધ આપ્યો. બુદ્ધ એ બૌદ્ધ ધર્મના અનુયાયીઓ દ્વારા બોધિત અને જાગૃત વ્યકિત તરીકે જાણાતા હતા જેમણે લોકોને દુઃખ દૂર કરવાના સંદેશરૂપે અવિધા ભગાવવાનો, લાલસા, ઈચ્છા ત્યાગીને પરમાનંદ (નિરવાના) મેળવવાનો સંદેશ આપ્યો.

બૌદ્ધ ધર્મની બે મુખ્ય શાખાઓ છે : થીરાવડા (વડીલોની વિચારધારા) અને મહાયન (મહાન યાન) દક્ષિણ પૂર્વ અને શ્રીલંકામાં થીરવડા પ્રણાલીને ખુબ અનુયાયીઓ મળ્યા છે. ઉહાયાન બૌદ્ધ પ્રણાલી સમગ્ર પૂર્વ એશિયામાં પ્રભુત્વ ધરાવે છે. જયાં પવિત્ર ભૂમિ, ઝેન, નિચિરેન બૌદ્ધ પ્રણાલી, તિબેટીય બૌદ્ધ પ્રણાલી, શિંગોન, ટિયાંટાઈ (ટેન્ડાઈ) અને શિન્યો-એન શામેલ છે. ઘણાં વર્ગીકરણ પ્રમાણે તિબેટ અને મંગોલિયામાં તથા ચીન અને રૂસમાં ફેલાયેલો વજ્રીયન તે બૌદ્ધ ધર્મની ત્રીજી પ્રણાલી તરીકે જાણીતી છે. જયારે ઘણાં વિચારકો તેને મહાયનના ભાગરૂપે ગણે છે. આ ત્રણ યાન કે સવારીઓનાં બીજા અન્ય વર્ગીકરણ પણ છે. જયારે બુદ્ધિઝમ એશિયામાં સૌથી વધુ પ્રભાવ ધરાવે છે, તેની બંને પ્રણાલીઓ હવે વિશ્વભરમાં ફેલાયેલી છે. ચવશ્વભરમાં બૌદ્ધ ધર્મનાં અનુયાયીઓની સંખ્યા તેમના બૌદ્ધ ધર્મના નિયમોની પાલન તથા શ્રદ્ધા પ્રમાણે નકકી કરવામાં આવે છે. ઓછામાં ઓછા આંકડા ૩૫૦-૫૦૦ મિલિયનની વચ્ચેનાં છે.

<u>ગૌતમબુદ્ધ</u>

આદિ ગ્રંથોમાં આપેલા પુરાવા પ્રમાણે જણાય છે કે સિદ્ધાર્થ ગૌતમનો જન્મ એક એવા સમાજમાં થયેલો જે પરિધિ પર હતો, બંને ભૌગોલિક અને સાંસ્કૃતિક રીતે પરિધિ પર હતો, જે ભારતીય ઉપમહાદ્વીપનાં પૂર્વોત્તરમાં સ્થિત છે. જેમનો જન્મ સાધારણ યુગ પહેલાની ૫ મી સદીમાં થયો હોવાનું જણાય છે. થીરવડા ત્રિપીટક ગ્રંથો પ્રમાણે ગૌતમનો જન્મ લુમ્બિનીમાં થયેલો જે હાલ નેપાળમાં સ્થિત છે. તેમનો જન્મ સાધારણ યુગ પુર્વેના સને ૫૬૩ માં થયેલો અને કપિલ વસ્તુમાં તેમનો ઉછેર થયો.

શુદ્રોધન પોતાના દીકરાને નૃપ તરીકે જોવા માંગતા હતા, માટે તેમણે પોતાના દીકરાને મહેલમાંથી કયારેય બહાર ન નીકળવા દીધો. પણ ઓગણત્રીસ વર્ષની વયે ગૌતમ અનેક વાર મહેલમાંથી બહાર નીકળ્યા. બૌદ્ધ સાહિત્યમા ચાર દ્રશ્યો તરીકે વર્ણાયેલા ઘણાં અનુભવોમાં તેમણે જીવનનાં સત્યને નિહાળ્યું જેમાં તેમણે સાધારણ મનુષ્યની વેદના જોઈ એક બીમાર માણસ, એક શવ અને છેવટે એક સંત માણસ જે સમાજ અને દુનિયાથી તૃપ્ત હતો અને શાંતિનો સ્વરૂપ હતો. આવા અનુભવોને કારણે સિદ્ધાર્થ રાજમહેલ ને ત્યાગીને આધ્યાત્મિક ખોજ કરવા માટે પ્રેરીત થયા.

સૌ પ્રથમ ગૌતમ તે સમયનાં સૌથી પ્રભાવશાળી ધર્મગુરુઓ પાસે અભ્યાસ કરવા ગયા અને તેમણે ધ્યાન ઉપરાંત ધ્યાન કરીને મેળવાતી સિદ્ધિઓ વિશે તેમને, જ્ઞાન આપ્યુ તે જ્ઞાન ને સિદ્ધાર્થે સંપુર્ણ રીતે શીખી લીધું અને પોતાનાં જીવનમાં આવરી લીધુ પણ તેમને આભાસ થયો. કે તે જ્ઞાન તેમનાં દુઃખોનો નિરંતર અઃત લાવી શકે તેમ ન હતાં, માટે ગૌતમે પોતાની સત્યની શોધ ચાલુ રાખી. પછી તેમણે એક ચરમ તપ કર્યું. જે શ્રમણો માટે એક સાધારણ ધાર્મિક પ્રક્રિયા હતી અને વેદિક પ્રક્રિયાઓથી અલગ હતી. ગૌતમે લાંબાગાળાનો ઉપવાસ, શ્વાસોશ્વાસની પ્રક્રિયા અને શ્વાસ રોકી રાખવાની ક્રિયા તથા પીડા સહન કરવાની શકિત ચકાસનારી તપસ્યાઓ કરી. એ કરતાં તેમણે લગભગ ખુદને ઉપવાસ કરીને મૃત્યુ નજીક લઈ ગયા હતચા. તેમને સમજાયુ કે તેઓ આ ક્રિયાને તેના અંત સુધી લઈ ગયા પણ તેમના દુઃખોનો અંત ન આવ્યો માટે એક આકરી ઘડીએ તેમણે એક ગામની કન્યા પાસે દૂધ અને ચોખા સ્વીકાયૃ અને પોતાનો અભિગમ બદલ્યો. તેમણે તે ખુદને અનાવના સતી ધ્યાન તરફ કેન્દ્રીત કર્યા. આમાંથી તેઓને બૌદ્ધ ધર્મમાં મધ્યસ્થ પંથ જેને કહેવાય તેની અનુભુતિ થઈ : સ્વયંભોગ અને આત્મસાધનની ચરમસીમાઓ વચ્ચે સંચાલન માટેનો રસ્તો.

ગૌતમે હવે પોતાની આધ્યાત્મિક કુરાને પુરુ કરવાનું નિર્ધારીત કરી લીધેલું. પાંત્રીસ વર્ષની વયે એક જાણીતી ઘટના

વખતે તેઓ બોધગયામાં સ્થિત બોધી નામના અંજીરના વૃક્ષ નીચે ધ્યાનમાં બેઠાં અને જ્યાં સુધી અલૌકિક શકિતનો અહેસાસ ન થાય ત્યાં સુધી તે જગ્યાએથી ન ઉઠવાનો સંકલ્પ તેમણે કર્યો. ઘણાં દિવસો પછી, પોતાના બધા મનોમંથન ને દૂર કરી, ખુદને જીવન અને મરણનાં ચાક્રમાંથી મુકત કરી, તેઓ એક સંપૂર્ણ ચેતના ધરાવતા વ્યકિત તરીકે તેમની જગ્યાએથી ઉભા થયા. તે પછી ટૂંક સમયમાં જ તેમાણે શ્રદ્ધાળુઓની એક ટુકડી સાથે ભેટો થયો અને તેમાણે મઠવાસી આદેશની શરૂઆત કરી. હવે બૌદ્ધ તરીકે તેમણે તેમનું જીવન ભારતનાં ઉત્તરપૂર્વમાં વિતાવ્યું અને ૮૦ વર્ષની વયે સાધારણ યુગ પહેલાના સન ૪૮૩ માં કુશીનગરમાં તેમાણે દેહ ત્યાગ્યુ. બોધી વૃક્ષનું દક્ષિણ છેડાની ડાળી જે જય શ્રી મહાબોધી તરીકે જાણીતી છે તે ફકત અનુરાધાપુર શ્રી લંકામાં જ પ્રાપ્ત છે.

**<u>બૌદ્ધ સિદ્ધાંતો</u>**

- **સંસાર**

  સંસાર એટલે કે જીવન અને મૃત્યુનુ ચક્ર માનવીઓ સુખ ઈચ્છે છે અને જન્મથી મૃત્યુ સુધી દુઃખ દૂર કરવાની કોશિશ કરે છે. આવાં આચરણથી સજ્જ, તેઓ એક સંચાલિત જીવન અને અસ્તિત્વમાં માને છે અને પુનર્જન્મ માટેનાં સંજોગો ઉભા કરે છે. દરેક પુનર્જન્મમાં આ ક્રિયા દોહરાવવામાં આવે છે અને બૌદ્ધ ધર્મના અનુયાયીઓ જીવન અને મૃત્યુના ચક્રમાંથી મુકિત મેળવીને. બૌદ્ધ ભગવાને આપેલી શીખને અનુસરીને ચાલવામાં માને છે.
- બૌદ્ધ ધર્મમાં કર્મ એ સંસારને ચલાવતી શકિત છે. દરેક જીવ માટે જીવન, સંઘર્ષ અને મૃત્યુનું ચક્ર. બૌદ્ધ ધર્મમાં કર્મ એ ક્રિયાઓને (શરીર, વાણી અને મનની એ ક્રિયાઓને) દર્શાવે છે જે મનનાં હેતુ (ચેતના)માંથી ઉપજે છે અને પરિણામ સ્વરૂપે ફળ કાં તો પરિણામ આપે છે.
- પુર્નજન્મ એક એવી પ્રક્રિયા છે જેમાં જીવો જીવનકાળમાંથી પસાર થાય છે. આ દરેક જીવનકાળ ભૌતિક જીવન સમાન છે અને જીવન થી મૃત્યુ સુધીનો બૌદ્ધ ધર્મ પ્રમાણે કોઈ જીવ કે આત્મા બ્રહ્માંડથી અલગ નથી. આ સિદ્ધાંત અનાત કહેવાય છે. હવે પછીનાં જન્મોમાં પુર્નજન્મ એટલે એક બદલાતી, પરિવર્તનશીલ પ્રક્રિયા જેને પ્રતીત્યસમુત્પાદ કહે છે જે કર્મના નિયમાનુસાર ચાલે છે, ન કે એક જીવને આધારે.

**<u>ચાર સત્યો</u>**

- દુઃખ
- દુઃખનો ઉદભવ
- દુઃખનું ઘટવુ
- દુઃખના નિવારણ તરફનો સત્યનો પથ

**<u>ઉમદા અષ્ટમાર્ગીય પથ</u>**

બુદ્ધના ઉમદા સત્યોમાંનુ ચોથુ સત્ય એટલે ઉમદા આઠમાર્ગીય પથ જે દુઃખનાં નિવારણ તરફ વ્યકિતને લઈને જાય છે. તેના ૮ ભાગ છે. ટરે ભાગ 'સમ્યક' શબ્દ સાથે શરૂ થાય છે. સમ્યક એટલે ખરુ, શ્રેષ્ઠ આ આઠ ઉમદા સત્યોનું ચક્ર બે રીતે સમજાય છે. કાં તો સમાનાંતર રીતે તૈયાર થાય છે જેમાં આઠેઆંઠ સત્ય સો અનુસરવામાં આવે છે કાં તો એક એવી ચળવળ જેમાં અનુયાયી એક પછી એક મુકામ પાર કરે છે.

**<u>મધ્ય પથ</u>**

બૌદ્ધ ધર્મનો એક મુખ્ય સિદ્ધાંત એટલે મધ્યનો પથ જે ગૌતમ બુદ્ધે તેમને બોધ મળ્યુ તે પહેલા તેમાણે શોધ્યુ હોવાનું જણાય છે. મધ્ય પથ એટલે એક એવો પથ જેનાં પર વ્યકિતએ મનના સંતુલનને મનુસરીને સ્વયંભોગ અને બૌદ્ધ વિચારકોએ ઘણાં તત્વજ્ઞાન અને વિશ્વલક્ષી જ્ઞાન આપ્યુ છે જે.મ કે અભિધર્મ, બૌદ્ધ તત્વજ્ઞાન અને બૌદ્ધ ધર્મનાં સત્ય બૌદ્ધ ધર્મની ઘણી વિચારધારો કાયદા-આધારીત જીવન નકારે છે જયારે ઘણા તેને જીવનની શ્રેષ્ઠ રીત માને છે.

## નિર્વાણ

નિર્વાણ એટલે 'સમાપ્તિ', 'વિલુપ્ત થવુ' (તુષ્ણા અને અજ્ઞાનતાની વિલુપ્તિ જેથી દુઃખોની વિલુપ્તિ શકય બને છે અને પુનર્જન્મોનું ચક્ર તેનાં અંત પર પહોંચી શકે છે) નિર્વાણના અન્ય અર્થ છે આથમવું, શાંત થવું, સુકુન મેળવવું. પશ્ચિમમાં એનો અર્થ જાગૃતિ કાં તો પ્રબુદ્ધતા પણ થાય છે. બુદ્ધ સમક્ષ, જોણે પણ નિર્વાણ મેળવ્યું હોય તેને અરહંત કહે છે.

બૌદ્ધ ધર્મનાં અનુયાયીઓ માને છે કે નિર્વાણ મેળવનાર ગૌતમ બુદ્ધ તેમનાં યુગના પ્રથમ વ્યકિત હતા માટે તેમને બુદ્ધ ધર્મનાં પ્રણેતા માનવામાં આવે છે. બૌદ્ધ કાળ એ યુગ છે જે દરમ્યાન લોકો બુદ્ધ ભગવાનનાં સંદેશને અનુસરીને તેમના ચીંધેલા પથ પર ચાલે છે. બૌદ્ધ યુગામે અંત ત્યારે આવશે જયારે ગૌતમ બુદ્ધનું જ્ઞાન, તેમનાં વિશેના પુરાવા અને તેમનાં સંદેશ વિલિપ્ત થઇ જશે. આ માન્યતા પ્રમાણે મનુષ્યના અસ્તિત્વનાં ઇતિહાસ દરમ્યાન ઘણાં બુદ્ધ યુગો આવ્યા અને વિલીન થઇ ગયા. એ પ્રમાણે ગૌતમ બુદ્ધ આ યુગના બુદ્ધ છે જેમાણે ઘણાંય અન્ય બુદ્ધોને જાણ્યાઅજાણ્યા રાહ બતાવી.

## બૌદ્ધ ધર્મ અને બ્રાહ્મણિક સંસ્કૃતિ

બૌદ્ધ ધર્મ અને બ્રાહ્મણિક સંસ્કૃતિમાં સુમેળ જોવા મળે છે. દક્ષિણ એશિયાના દેશોમાં બૌદ્ધ ધાર્મિક ક્રિયાઓમાં વર્ષા ઋતુના આગમન માટે વરૂણ અને ઇન્દ્ર જેવા વૈદિક ભગવાનો / દેવો ને પૂજવામાં આવે છે. (short story "My Thai Lat' by )

સાધારણ યુગ પૂર્વેના પ્રથમ હજાર વર્ષ દરમ્યાન બૌદ્ધ ધર્મનો ઇતિહાસ પૌરાણિક ભારતના સાંસ્કૃતિક જીવન સાથે સુમેળ દર્શાવે છે તે સમયે સામાજીક અને ધાર્મિક અંધાધુધી હતી અને વૈદિક બ્રાહ્મણિસમમાં દ્વારા પ્રેરીત પ્રથાઓ અને બલિઓ પ્રત્યે સમાજમાં રોષ હતો. વૈદિક બ્રાહ્મણિસમને ચુનૌતી આપે તેવા ઘણાં અવનવા ધાર્મિક અને તત્વજ્ઞાની શ્રદ્ધાળુ પંથો હતા જેમનાં સંદેશો બ્રાહ્મણિક સંસ્કૃતિ સામે વિરોધ પ્રકટ કરવાનાં હેતુથી બોલાવવામાં આવેલા અને વેખો અને બ્રાહ્મણોના અધિકારના વિરોધી હતા. આવા જુથો જેમનાં સભ્યોને શ્રમણ નામે ઓળખતા હતા, તેઓ એક અવૈદિક (નોન-વેદિક) પ્રકારની ભારતીય વિચારધારાના રૂપ હતા જ ઇન્ડો આર્યન બ્રાહ્મણિસ્મ કરતાં વિશેષ હતા. વિચારકી પુરાવાઓ, કારણો અને તર્કોને સમજીને માને છે કે સંસાર, કર્મ (નૈતિક મૂલ્યોનો પુનર્જન્મ પર અસર) અને મોક્ષનો ઉદભવ શ્રમણ પરંપરામાંથી થયો અને પછી રૂઢિચુસ્ત (કર્મકાંડી) બ્રાહ્મણો દ્વારા તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## ભારતમાં બૌદ્ધ ધર્મનો ઇતિહાસ

ભારતમાં મૌર્ય સમ્રાટ અશોકના સમય પહેલા બૌદ્ધ ધર્મનો વિસ્તાર ધીમો / સંકુચિત હતો. સમ્રાટ અશોક સ્વયં બૌદ્ધ ધર્મનાં પ્રણેતા હોવાને કારણે તેમના રાજયમાં ઘણા બૌદ્ધ સ્તુપોની રચના કરવામાં આવી અને તેમના રાજયની બહાર પશ્ચિમમાં ઇરાન અને અફઘાનિસ્તાન અને દક્ષિણમાં શ્રીલંકા સુધી બૌદ્ધ ધર્મનો વિસ્તાર થયો.

## મધ્ય એશિયામાં

મધ્ય એશિયામાં ફારસમાં બૌદ્ધ ધર્મના પ્રચારને લીધે ચીનમાં પણ બૌદ્ધ ધર્મ ફેલાયો અને દક્ષિણમાઁ શ્રીલંકામાં થીરવડા બુદ્ધિઝમ નો ઉદભવ થયો.

## આજના જમાનામાં બૌદ્ધ ધર્મ

## સમકાલીન બૌદ્ધ ધર્મ

એક અધ્યયન પ્રમાણે, ખ્રિસ્તી ધર્મ, ઇસ્લામ અને હિન્દુ ધર્મ પછી બૌદ્ધ ધર્મ દુનિયાનો સૌથી વધુ પ્રભુત્વ ધરાવતો ધર્મ છે. મહાયાન બૌદ્ધ ધર્મનાં પૂર્વ એશિયાના પંથો જેમાં ચીની હસ્તલીપીઓને વિશેષ પ્રભુત્વ છે તેમનો ઉપયોગ ચીન, જાપાન, કોરીયા, તાઇવાન, સિંગાપોર અને વિયેતનામમાં વસતાં બૌદ્ધ સમાજ તથા ભારત-ચીન, દક્ષિણ પૂર્વ એશિયા અને પશ્ચિમમાં પચણ તેમનો પ્રભુત્વ છે. (લગભગ અડધો અબજથી એક અબજ) તિબેટીય બૌદ્ધ પ્રણાલી નો પ્રભાવ ભૂતાન, નેપાળ, મંગોલિયા, લદાખ જેવાં ભારતીય પ્રાંતો તથા હિમાચલ પ્રદેશ, અરૂણાચલ પ્રદેશ અને સિકિકમ આ ત્રણ રાજયોનાં ઘણાં વિસ્તારમાં અને ચીન અને રશિયાના ઘણાં વિસ્તારમાં તેનો પ્રભાવ જોવા મળે છે.

## બૌદ્ધ વિચારધારાઓ

થીરવડા અને મહાયાન એવી બે મુખ્ય બૌદ્ધ ધર્મની વિચારધારાઓ છે. જો કે ઘણાં વિચારકો બૌદ્ધ વિચારધારાને ત્રાણ સાંસ્કૃતિક અને ભૌગોલિક વિસ્તારોમાં વહેંચે છે. થીરવડા, પુર્વ એશિયાઈ બૌદ્ધ અને તિબેટીયન બૌદ્ધ.

## બૌદ્ધ ગ્રંથો

બૌદ્ધ ગ્રંથો અને અન્ય સાહિત્ય વિવિધ પ્રકારનાં છે. બૌદ્ધ ધર્મનો અલગ-અલગ વિચારધારાઓ વિવિધ ગ્રંથોના અભ્યાસ .પર અલગ મૂલ્ય મૂકે છે. પાલી, તિબેટન, મેંગોલિયન અને ચીની ભાષાઓ બૌદ્ધ લખાણની મુખ્ય ભાષાઓ (માધ્યમો) છે. ઘણાં લખાણ સંસ્કૃત ભાષા અનુ બૌદ્ધ ધર્મની સંસ્કૃત ભાષામાં પણ લખાયેલા છે અન્ય ઘણાં ધર્મોની જેમ, બૌદ્ધ ધર્મ પાસે કોઈ એક ધાર્મિક ગ્રંથ નથી જેમાં વૈશ્વિક સ્તરે બધીજ સંસ્કૃતિયો અને પ્રથાઓ વિશે, વિચારધારાઓ અને દેવ-દેવીઓ વિશે જ્ઞાન સંકલિત હોય. તોય ઘણા વિચારકો વિનય પિતાકા અને સુત્ત પિતાકા નામક ગ્રંથનાં ચાર પ્રથમ ચાર નિકયોને સમગ્ર બૌદ્ધ પરંપરાના મૂળ તરીકે વર્ણવે છે. નજીકનાં ભુતકાળમાં ડો. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરે બૌદ્ધ ધર્મ માટે એક સંકલિત ગ્રંથની રચના કરી જેનું નામ તેમાણે આપ્યું. The Buddha and His Dhamma' (બુદ્ધ અને તેનું ધામ)

## તુલનાત્મક અભ્યાસ

બૌદ્ધ ધર્મમાં વિષયોની વિવિધતા સાથે તુલનાત્મક અભ્યાસ માટે વિરાટ મોકો છે. ઉદાહરણ સ્વરૂપે આશ્રિત ઉત્પતિ બૌધ તત્વમીમાઃસા તરફ એક મહત્વનું યોગદાન છે. બૌદ્ધ ધર્મ મધ્ય પથની વકાલત કરે છે જેનાં દ્વારા તે ન કેવલ નૈતિક મૂલ્યો શીખવે છે પરંતુ બૌદ્ધ ધર્મને વિવિધ માન્યતાઓ સાથે શાંત સહઅસ્તિત્વ ધરાવવાનો મોકો આપે છે. તેના નૈતિક અને આસ્થિક અભિગામો અન્ય ધર્મોની વિચારધારાઓ સાથે સુમેળ ધરાવે છે. ઉદાહરણ સ્વરૂપે ખ્રિસ્તી ધર્મ અને બૌદ્ધ ધર્મની વિચારધારઓ વચ્ચેનો સુમેળ.

## બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મ

બૌદ્ધ અને જૈન ધર્મ શ્રમણ સંસ્કૃતિના બે હયાત પાસા છે. જૈન ધર્મનો વિસ્તાર ભારતમાં જ મુખ્યત્વે થયો જ્યારે બૌદ્ધ ધર્મનો વિસ્તાર મધ્યયુગ પછી ભારતમાંથી ઘટીને ભારતના પાડોશી પ્રદેશોમાં ફેલાયો. મહાવીર અને ગૌતમ બુદ્ધ સમકાલીન હતા અને પાલી ગ્રંથો અનુસાર બુદ્ધ મહાવીર અને તેમની સાધકોની ટુકડી વિશે જ્ઞાન ધરાવતા હતા. જૈન અને બૌદ્ધ ધર્મમાં ઘણાં શબ્દો સરખા છે. જૈન અને બૌદ્ધ ધર્મમાં સુમેળ અને એક બીજાનો સુમેળ ભર્યો પ્રભાવ હતો, પણ એમ કહી શકાય કે જૈન વિચારધારા વધુ જુની આસ્થા હતી જેમાંથી બૌદ્ધ ધર્મની વિચારધારાનો ઉદભવ થયો.

## હિન્દુ ધર્મ અને બૌદ્ધ ધર્મ

હિન્દુ અને બૌદ્ધ ધર્મની પ્રથાઓ અને તેનાં હેતુઓમાં સૂમેળ પણ છે. અને થોડો ઘણો ફરક પણ છે. થીરવડા બુદ્ધ ધર્મ વધુ રૂઢિચુસ્ત છે અને બૌદ્ધ ધર્મનાં આદિરૂપ સાથે વધુ સમાનતા ધરાવે છે. મહાયાન અને વજયાન શાખાઓનો ઉદભવ મોડેથી થયો. હિન્દુ ધર્મ અને બૌદ્ધ ધર્મ વચ્ચે માન્યતાઓમાં ઘણો સુમેળ છે અને હજારો વર્ષો સુધી તે બંને ધર્મનો સમકાલીન અસ્તિત્વ રહયો છે. હિન્દુ ધર્મનાં પૌરાણિક તત્વજ્ઞાનને દર્શાવતા ઉપનિષદોનો બૌદ્ધ વિચારધારા પર સારો એવો પ્રભાવ જોવા મળે છે અને વિચારકો માટે આ એક ચર્ચાનો વિષય છે જ્યારે રાધાકૃષ્ણન, ઓલ્ડેનબર્ગ અને ન્યુમન એ બૌદ્ધ વિચારધારા પર ઉપનિષદોનાં પ્રભાવ બાબતે આશ્વસ્ત હતાં, ઈલિયટ અને થોમસે એ પાસાઓને ઉજાગર કર્યા. જ્યાં બૌદ્ધ ધર્મ પર ઘણાં ઉપનિષદીય વિચારધારાઓનો પ્રભાવ રહયો હશે, પરંતુ બૌદ્ધ ધર્મે ઉપનિષદોની ઘણી રૂઢિવાદી વિચારધારાઓને ફગાવી નાંખેલી.

**બૌદ્ધ ધર્મ અને ખ્રિસ્તી ધર્મ**

ગૌતમ બુદ્ધ અને ઈસુ ખ્રિસ્ત અને બૌદ્ધ ધર્મ અને ખ્રિસ્તી ધર્મ વચ્ચે ઘણી સમાનતાઓને કારણે ઈસુ અને ગૌતમ અને બૌદ્ધ અને ખ્રિસ્તી ધર્મ વચ્ચેનાં સંભવ કનેકશન (સંબંધ) વિશે ધારણાઓ છે. આ સમાનતાની ધારણાઓનું એક કારણ હોઈ શકે. હેલેનિસ્ટિક સંસ્કૃતિ અને ભારતીય ઉપમહાદ્વીપ વચ્ચેનું સાંસ્કૃતિક આદાન-પ્રદાન ભારતમાં બૌદ્ધ ધર્મનો ઉદભવ અવોસ્ટોલિક આયુ અને યહુદિયામાં ઈસાઈ ધર્મનાં ઉદભવના પાંચસો વર્ષ પૂર્વે ભારતમાં થયેલો. બંને બૌદ્ધ અને ઈસાઈ ધર્મ પોતાના ઉદભવના દેશોમાં આનુપાતિક પ્રમાણમાં લુપ્ત / ઓછા થઈ ગયા છે. (ખાસ નોંધ : ખ્રિસ્તી ધર્મને બદલે જયાં લાગુ પડે ત્યાં ઈસાઈ ધર્મ લખવું)

# <u>ઈસ્લામ</u>

ઈસ્લામ એકેશ્વરવાદી અબ્રાહમિક ધર્મ છે જે કુરાન દ્વારા વ્યકત કરવામાં આવે છે. કુરાન એ તેના અનુયાયીઓ દ્વારા અલ્લાહ (સર્વોપરિ) નો શબ્દશ માનવામાં આવે છે. અલ્લાહ એક અરબી શબ્દ છે. કુર્રાન એ અલ્લાહનો શબ્દશઃ અને આખિરી પયંગબર મુહમ્મદ ના સંદેશ (સુન્નહ) અને તેમના દ્વારા અપાતી ઉદાહરણ-સહિત શિક્ષા અને પાઠ (હદીથ) નો સંગ્રહ માનવામાં આવે છે. ઈસ્લામ ધર્મનાં અનુયાયીઓ મુસ્લિમ તરીકે ઓળખાય છે.

મુસલમાનો માને છે કે સર્વોપરી (ભગવાન) એક છે અને અતુલનીય છે અને ભગવાન પ્રત્યે પ્રેમ, શ્રદ્ધા અને સેવા એ જ અસ્તિત્વનો હેતુ છે. મુસલમાનો એમ પણ માને છે કે ઈસ્લામ એક આદિ ધર્મનો સંપૂર્ણ સમગ્ર અને સર્વભૌમિક સંસ્કરણ છે જે ભૂતકાળમાં ઈબ્રાહિમ, મુસા અને ઈશુ નામનાં પયંગબરો દ્વારા પણ પ્રચલિત કરવામાં આવ્યો છે. તેઓ માને છે કે જુના સંદેશો અને ખુલાસા આંશિક રીતે બદલવામાં આવ્યા છે, તથા તેમાંથી ઘણાં સમય સાથે આંશિક રીતે ભ્રષ્ટ પણ કરવામાં આવ્યા છે.

પણ કુર્રાન એ ભગવાનનું અવિચ્છદિત અને અંતિમ રહસ્યોદઘાટન છે. ધાર્મિક અવધારણાઓ અને પક્ષાઓમાં ઈસ્લામનાં પાંચ પાયાનાં સ્તંભો સામેલ છે. છેમાં શ્રદ્ધા વ્યકત કરવા માટેની પ્રથાઓ, ઈસ્લામિક કાયદો સામેલ છે જે જીવન અને સમાજનાં દરેક પાસા જેમ કે બેંકીગ અને કલ્યાણ, યુદ્ધ અને પર્યાવરણ જેવાં વિવિધ વિષયો માટેની માહીતી આપે છે. મુસલમાનોમાં ૭૫-૯૦ % અનુયાયીઓ ધરાવતા સુન્ની ની બહુમતિ છે જયો ૧૦-૨૦ % અનુયાયીઓ ધરાવતું શિયા પંથ બીજુ સૌથી પ્રચલિત પંથ છે. મુસ્લિમ બહુમતિ ધરાવતાં દેશોમાંથી ઈન્ડોનેશિયામાં સૌથી વધુ આબાદી છે. અહીં દુનિયાભરનાં ૧૨.૭ % મુસલમાનો વસે છે. આ સૂચિમાં એ પછી પાકિસ્તાન (૧૧.૦%) બંગ્લાદેશ (૯.૨%) અને મિશ્ર (ઈજિપ્ત ૪.૯%) વસ્તી ધરાવે છે. મોટા પ્રમાણમાં લઘુમતિ ધરાવતા દેશો ભારત, રૂસ અને ઘણા યુરોપીય દેશો છે. ૧.૫૭ થી ૧.૬૫ અબજ અનુયાયીઓ સાથે પૃથ્વી પરની જનસંખ્યાના ૨૨ થી ૨૫ % ને આવરી લેતો ઈસ્લામ ધર્મ વિશ્વનો બીજો સૌથી વિસ્તૃત ધર્મ ગણાય છે અને દુનિયામાં સૌથી વધુ ઝડપથી વિસ્તાર પામતો ધર્મ છે.

## <u>વ્યુત્પત્તિ અને અર્થ</u>

ઈસ્લામ એક ક્રિયા-સંજ્ઞા છે જેનો ઉદભવ ત્રિમુખીય મૂળ સ-લ-મ માંથી થાય છે. આ મૂળ પુર્ણતા, સંપુર્ણપણું અને એકાગ્રતા ના તત્વો સાથે જોડાયેલું છે. ધાર્મિક અર્થમાં ઈસ્લામ એટલે ભગવાન તરફ વૈયકિત શ્રદ્ધા, પોતાની ઈચ્છાનુસાર ભધગવાન પ્રત્યે કે ભગવાનની ભકિતમાં લીન થવું. ઈસ્લામ ના અનુયાયી માટે વપરાતો મુસ્લિમ શબ્દ તે જ ક્રિયાપદનો ક્રિયા સંજ્ઞા રૂપ છે જેનો ક્રિયા વિશેષણ ઈસ્લામ છે. બહુ ઈશ્વરવાદનો બહિષ્કાર કરી અનુયાયીઓ ભગવાન માટે શ્રદ્ધાનું ઉદાહરણ ભગવાનનાં સંદેશાનો પુરેપુરો પાલન કરીને બતાવે છે. આ શબ્દ કુર્રાનમાં અનેક જગ્યાએ જોવા મળે છે અને તેનાં અનેક ઘટકો છે. અયાત નામક શ્લોકોમાં વ્યકિતગત શ્રદ્ધા તરીકે ઈસ્લામની વ્યાખ્યા અપાયેલ છે. ઘણી પંકિતઓ ઈસ્લામને દીન (ધર્મ) સાથે સરખાવે છે.

''આજે મે ઈસ્લામને તમારા દીન તરીકે પ્રચલિત કર્યુ છે, મેં તમારા પર મારી અપાર કરુણા વસાવી છે, મે ઈસ્લામને તમારા ધર્મ તરીકે જાહેર કર્યુ છે'' વળી ઘેંણા ઈસ્લામને ભગવાન તરફ પરત ફરવા તરીકે પણ દર્શાવે છે. ઈસ્લામનો બીજો અર્થ ઈસ્લામ (શ્રદ્ધા), ઈમાન (ભકિત) અને અહેસાન (સક્રિયતા) ના સમાગમ તરીકે દર્શાવીને તેને ઈબાદાહ (સેવા) અને ઈસ્લામી કાયદો (શરિયા) ના પ્રતીકરૂપે દર્શાવે છે. ઈસ્લામની મૂળ માન્યતાઓ છે કે એક જ ભગવાન છે - જે અનોખા છે. અને તેમને પુરી રીતે સમજવા શકય નથી અને મુહમ્મદ એ આદમથી શરૂ થતાં ભગવાનનાં પયંગબરોની વારસામાં છેલ્લા પયંગબર છે. કુર્રાન એ ભગવાનની નિરંતર, અનંત અને શબ્દશઃ વાણી તરીકે ગવાણવામાં આવે છે જેમાં પુરોગામી પયંગબરો વિશે વાત કરેલી છે.(યહુદી તોરાહ અને ઈસાઈ ગોસ્પલેની જેમ) અને માનવીય દલીલોને કારણે આ કુર્રાન ભ્રષ્ટ થઈ હોવાનું જાણાય છે. મુસલમાનો માને છે કે ગેબ્રિયલ નામના મસીહા દ્વારા કુર્રાન નો પાઠ મુહમ્મદ ને પઢાવવામાં આવેલો અને ઈસ્લામિક સંસ્કૃતિમાં ભગવાન (સર્વોપરી) ના ચાકર તરીકે મસીહાનું સ્થાન અગ્રાણી છે. કયામત ના દિવસમાં શ્રદ્ધા એ પણ આ ધર્મ અને તેની વિચારધારાના મૂળમાં છે. કયામતના દિવસે બધાના શરીર પુનર્જાગૃત થશે અને

ભગવાન દ્વારા તેમના કર્મોનો ચુકાદો અપાશે એવી માન્યતા છે. આ મૂળ સિદ્ધાંતોમાં શિયા અને સુન્ની મુસલમાનો શ્રદ્ધા ધરાવે છે પણ શિયાઓ ઈમામતમાં પણ માને છે. ઈમામત એટલે કે મુહમ્મદ પછીનાં રાજકારણી અને આસ્થા સાથે જોડોલા આગેવાનો તેમાના પ્રથમ ક્રમાંકે મુહમ્મદના કઝિન (cousin) (ચચેરા) મમેરા ભાઈ / સંબંધી ભ્રાતા) અને જમાઈ અલી છે.

## ભારતમાં ઈસ્લામનો ઉદભવ

ઈસ્લામ ૭મી સદીની શરૂઆતમાં ભારતમાં પ્રવેશ્યુ, અરબી વેપારીઓના આગમન સાથે પરંતુ ભારતીય ઉપમહાદ્વીપ ઉપર મુસલમાન સમ્રાટોનાં હુમલા પછી તેનો ભારતમાં વિસ્તાર થયો. દિલ્હીની સલ્તનત (૧૨૦૬-૧૨૫૬) અને મોગલ રાજ (૧૫૨૬-૧૮૫૮) દરમ્યાન સૂફી વિચારધારા અને સુફી તત્વજ્ઞાનના પ્રભાવ હેઠળ ભારતમાં ઈસ્લામનો સૌથી વધુ વિસ્તાર થયો.

## ઈસ્લામમાં ભગવાન

અંગ્રેજીમાં અલ્લાહનો અર્થ છે ભગવાન (God) એક અગ્રણીઅને ચુસ્ત તાવહિદ નામનો એકેશ્વરવાદ ઈસ્લામ ધર્મનાં મુળમાં છે. કુર્રાનનો ૧૧૨મો ભાગ કહે છે ''બોલોઃ તે ભગવાન છે, એક અને એકમાત્ર, ભગવાન (સર્વોપરી) અનંત, અંતિમ, નિરંતર, તેને કોઈ વારસો નથી ન તે કોઈનો વારસદાર છે, તેના જેવો કોઈ નથી''

મુસલમાનો યશુની અલૌકિકતા અને દિવ્યપણાં સામે વિરોધ કરે છે પણ યશુને પયગંબર માને છે. ઈસ્લામમાં ભગવાન સમજી શકાય તેમ નથી અને મુસલમાનોને ભગવાનને જોવાની છુટ નથી. અલ-રહમાન (દયાળુ), અલરહીમ (દયાવાનો(જેવી સંજ્ઞાઓ દ્વારા ઈસ્લામમાં ભગવાનને સંબોધવામાં આવે છે. મુસલમાનો માને છે કે સમગ્ર સૃષ્ટિનાં રચયિતા અલ્લાહ છે અને તેમની અનુમતિવિના કંઈ શકય નથી.

''થાઓ : માટે તે છે''

અને અસ્તિત્વનો હેતુ ભગવાનની સેવા અને શ્રદ્ધા છે. અલ્લાહને એક વ્યકિતગત ભગવાન માનવામાં આવે છે. જયારે કોઈ તકલીફમાં હોય ત્યારે અલ્લાહ તેની વાત સાંભળે છે. ભગવાન સાથે સમાગમ માટે કોઈ પાદરીં, કોઈ એજન્ટ નથી. અલ્લાહ એ બહુવચન વગરનો શબ્દ છે જેને મુસલમાનો સર્વોપરીને તથા ખ્રિસ્તીઓ અને યહુદીઓ ભગવાનને સંબોધવા માટે વાપરે છે.

- અરબી

ઈલાહ એ કોઈપણ દેવ માટે સામાન્ય રીતે વપરાય છે.

બિન અરબી મુસલમાનો બીજા શબ્દો વાપતરે છે જેમ કે તુર્કી ભાષામાં તાનારી અને ફારસીમાં ખોદા (ખુદા)

## ઈસ્લામનાં ધર્મગ્રંથો અને કુર્રાન

ઈસ્લામી ધર્મ ગ્રંથો એવા ધાર્મિક પુસ્તકો છે જે ઘણા ખરા મુસલમાનો માને છે કે, ભગવાન (અલ્લાહ) દ્વારા પયગંબરોને સંભળાવવામાં આવેલા કુર્રાન (વાંચવુ કે જાપ) એ મુસલમાનો દ્વારા અંતિમ અને ભગવાનના શબ્દશઃ તરીકે મનાય છે. અને અરબી ભાષાના સર્વશ્રેષ્ઠ સાહિત્ય તરીકે પણ ઓળખાય છે. મુસલમાનો માને છે કે કુર્રાનનો પાઠ જિબ્રિલ નામના મસીહા દ્વારા મુહમ્મદને 610 CE (સાધારણ યુગના ૬૧૦ સન્) અને આઠમી જુન, 632 CE દરમ્યાન મુહમ્મદને પઢાવવામાં આવેલા. મુહમ્મદ હયાત હતા ત્યારે તેમનાં સાથીઓ (સહાબા) દ્વારા આ જ્ઞાન લખવામાં આવતુ પણ મુખ્ય માધ્યમ યાદ રાખીને કરાતુ મૌખિક માધ્યમ છે. મુહમ્મદના દેહાંત પછી, અબુ બક્ર નામનાં પ્રથમ ખલીફ દરમ્યાન તેનું સંવાદિત કરાયુ અને ઉથમન નામક ત્રીજા ખલીફ દરમ્યાન તેને મૂળભૂત રૂપ મળ્યું. કુર્રાન ૧૧૪ સુરોમાં (કાં તો chartersમાં વિભાજીત છે, જેમાં કુલ 6236 અયાત (verses) સામેલ છે.

## પુનરઉત્થાન અને કયામત

પુનરઉત્થાન (કબરમાંથી ઉઠવુ) ના દિવસમાં શ્રદ્ધા મુસલમાનો માટે મુળભુત છે. ઉસલમાનો માને છે કે કયામત નો દિવસ ભગવાનને ખબર છે પણ માનવીને તેની ખબર નથી.

મુસલમાનો માને છે કે આ દિવસે સમગ્ર માનવ જાતિ તેનાં સારા અને ખરાબ કર્મોને ચકાસાશે (તેનો ચુકાદો

અપાશે) કુર્રાનમાં ઘણાં એવા પાપની વાત કરી છે જેને કરવાથી વ્યકિતને નર્ક નસીબ થાય છે. કુર્રાન માને છે કે જે લોકો પોતાના પાપોનું પ્રાયશ્ચિત કરશે તેમના પાપો ભગવાન માફ કરશે. ટાન પુણ્ય અને શ્રદ્ધા-ભકિત જેવા લાભદાયક કર્મો સ્વર્ગમાં જગ્યા મળવાથી પુરસ્કૃત કરવામાં આવશે.

**ઈસ્લામના પાંચ સ્તંભ**

આ પાંચ સિદ્ધાંતોનું પાલન દરેક મુસલમાને કરવાનું રહે છે. ભકિત અને શ્રદ્ધાના પ્રતિક તરીકે આ પાંચ સ્તંભોનું વર્ણન કુર્રાનમાં કરવામાં આવ્યુ છે.

- શહાદહ
- આરધના (સલત)
- દાન-પુણ્ય, ભિક્ષા આપવી (ઝખા)
- રમઝાન દરમ્યાન ઉપવાસ
- મકકાની જાત્રા કહજ) જીવનમાં એક વખત

આ પાંચ સિદ્ધાંતમાં શિયા અને સુન્નીઓ માને છે

**શહાદાહ**

''હું માનુ છુ કે સર્વોપરી સિવાય કોઈ દૈવી શકિત નથી અને મુહમ્મદ સર્વોપરીનો મસીહા છે''

ઈસ્લામની સર્વે માન્યતાઓના મૂળમાં આ વાત છે. મુસલમાનોએ પ્રાર્થના દરમ્યાન શાહાદાહ બોલવાનુ અનિવાર્ય છે.

શહાદાદ એ ઈસ્લામ ધર્મનાં મૂળમાં રહેલુ છે અતે તેને વ્યકત કરતી એક પંતિ છે.

અશદુ અલ-લા-ઈલાહા-ઈલાહુ વા અશદુના મુહમ્મદન રસુલ ઉલ્લા

હુ પુરવાર કરુ છું કે અલ્લાહ (સર્વોપરી) સિવાય બીજા કોઈ દૈવી જીવ (દેવતા) નથી / બીજી કોઈ અન્ય શકિત નથી અને મુહમ્મદ એ સર્વોપરી (અલ્લાહ) ના પયંગંબર છે.

આ પંકિતઓ ઈસ્લામ ધર્મની બીજી અન્ય માન્યતાઓ અને રીતી રીવાજો પ્રણાલીઓના મૂળમાં છે.

**સાલાહ (પ્રાર્થના)**

અનુષ્ઠાન (ritual) પ્રાર્થના જેને સાલાહ કાં તો સાલત કહેવામાં આવે છે, તે દિવસ દરમ્યાન પાંચવાર કરવામાં આવે છે. સાલાહ સર્વોપરી સાથે વ્યકિતગત સંચાર માનવામાં આવે છે અને તે ભગવાન માટે અપાર શ્રદ્ધા પ્રકટ કરવાનું માધ્યમ ગણાય છે તથા ભગવાનની ભકિતમાં ધ્યાન કેન્દ્રિત કરવાનું સાધન છે. સાલાહ એનુ પતન કરી શકે છે. સાલાહ નામક પ્રાર્થનાઓ અરબી ભાષામાં હોય છે તથા કુર્રાનના શ્લોકોનો તેમા ઉપયોગ કરવામાં આવે છે.

મસ્જિદ એ મુસલમાનો માટે ભકિત અર્પિત કરવાનું સ્થળ છે. મસ્જિદ એક અરબી શબ્દ છે. અંગ્રેજીમાં તેને mosque કહે છે.જો કે મસ્જિદ મુખ્યત્વે પ્રાર્થના અને સાલાહનો સ્થળ ગણવામાં આવે છે, મુસલમાનો માટજ્ઞે મસ્જિદ ભેગા થવાનું સ્થળ અને જ્ઞાન મેળવવાનું (અભ્યાસનું) સ્થળ પાણ માનવામાં આવે છે.

અર્વાચીન (આધુનિક મસ્જિદો) સાતમી સદીની શૈલી કરતાં બુખ અર્વાચીન બનાવવામાં આવી છે તથા તેમાં મિનાર જેવા શિલ્પકલાના આભુષણો પાગ ઉમેરવામાં આવ્યા છે.

**ઉપવાસ**

અન્નજળ ઉપવાસ રમઝાનમાસ દરમ્યાન દરેક મુસલમાને સવારથી સાઁજ સુધી કરવાનો હોય છે. રોજાનો મહત્વ મુસલમાનો માટે ભગવાન સાથે તેમની આત્મીયતા દર્શાવવાનો છે. તથા તે દરમ્યાન મુસલમાનો એ ભગવાન માટે આભાર અને તેના ઉપર તેમની નિર્ભરતા દર્શાવવાની હોય છે, ભુતકાળમાં કરેલા પાપોના પ્રાયશ્ચિત માટે તથા દીન-દુખિયાઓ વિશે વિચારવાનું હોય છે.

- ચભક્ષા આપવી (ઝકાહ)
- રમઝાન દરમ્યાન રોજા (ઉપવાસ)
- મકકાની જાત્રા (હજ) જીવનમાં ઓછામાં ઓછી એક વાર

**પુનરઉત્થાન અને કયામત**

પુનરઉત્થાનનાં દિવસમાં માન્યતા મુસલમાનો માટે ખુબજ અગત્યની છે. તેઓ માને છે કે કયામતનો સમય ભગવાન દ્વારા પહેલેથી નકકી કરેલ છે પણ તે બાબતે મનુષ્ય કંઇ જાણતો નથી.

મુસલમાનો માને છે કે આ દિવસે બધાંજ મનુષ્યો પોતાના સારા-ખરાબ કર્મોને આધારે પરખવામાં આવશે. કુર્રાનમાં ઘણા એવા પાતોનો ઉલ્લેખ છે જે કરવાથી વ્યકિતને નર્ક નસીબ થાય છે. કુર્રાન એ વાત પણ સ્પષ્ટ કરે છે કે જેઓ પાપોનો પ્રાયશ્ચિતથી ખુશ થઇ ભગવાન તેમના પાપ માફ પણ કરી દે છે. શ્રધ્ધા-ભકિત અને દાન-પુણ્ય જેવા સારા કામ (લાભદાયક કામ) કરવાથી વ્યકિતને જન્નત (સ્વર્ગ) માં સ્થાન મળશે તેવું મનાય છે. સ્વર્ગ અને નર્કને જન્નત અને જહન્નુમ કહે છે.

**જાત્રા (હજ)**

મુસલમાનોની ધાર્મિક જાત્રા હજ નામે ઓળખાય છે અને ઈસ્લામી પંચાગમાં ધાઉ-અલ-હિજા નામના મહિનામા આ જાત્રા કરવામાં આવે છે. દરેક શારીરીક રીતે સ્વસ્થ એવા મુસલમાને પોતાના જીવનકાળ દરમ્યાન ઓછામાં ઓછુ એક વાર મકકાની જાત્રા કરવી જ જોઇએ. દરેક હૃષ્ટ પુષ્ટ મુસલમાન, જે પૈસે ટકે સુખી હોય અને હજના ખર્ચા ઉઠાવી શકે, તેણે પોતાના જીવનકાળ દરમ્યાન એક વાર મકકાની જાત્રા કરવી જોઇએ. હજની પ્રથાઓમાં સમાવેલ છે. કાબાના પથ્થરની સાત વખત પ્રદક્ષિણા શકય હોય તો કાળા પથ્થરને અડવુ, માઉન્ટ સાફા અને માઉન્ટ મારવાહ વચ્ચે સાત વખત દોડવુ મને મીનામાં પ્રતિકાત્મક રીતે શૈતાન (devil) ઉપર પથ્થરમારો કરવો.

**વિશ્વમાં મુસલમાનોની જન સંખ્યા (પ્યુ સંશોધન કેન્દ્ર, ૨૦૦૯)**

૨૦૦૯ માં યોજાયેલ એક વ્યાપક જનસાંખ્યકીય સંશોધન જેમાં ૨૩૨ દેશો અને પ્રાંતોમાંથી અનુમાન લેવામાં આવેલા, તેના જણાવ્યા મુજબ વિશ્વની જનસંખ્યામાં ૧.૫૭ અબજ લોકો એટલે કે ૨૩ % લોકો મુસલમાન છે. તેમાંથી લગભગ ૭૫.૯૦ % સુન્ની છે. ૧૦-૨૦ % શિયા છે અને બીજા પંથોમાં માનઅતા લોકોની થોડી લઘુમતિ છે. લગભગ વિશ્વમાં ૫૦ દેશો એવા છે જયાં મુસલમાનો બહુમતિમાં છે અને આરબો વિશ્વભરનાં મુસલમાનોના ૨૦ % ભાગરૂપે છે. ૧૯૯૦ અને ૧૯૭૦ વચ્ચે મુસલમાનોની વૈશ્વિક જનસંખ્યા ૨૦૦ મિલીયન (૨૦ કરોડ) થી વધીને ૫૫૧ મિલીયન (૫૫.૧ કરોડ) થઇ ગઇ. ૧૯૭૦ અને ૨૦૦૯ વચ્ચે મુસલમાનોની વસ્તીમાં ત્રેવડો વધારો થયો અને તે ૧.૫૭ અબજ સુધી પહોંચી ગઇ.

મુસલમાનોની સૌથી વધુ સંખ્યા એશિયા અને આફ્રિકામાં છે. વિશ્વના લગભગ ૬૨ % મુસલમાનો એશિયામાં રહે છે. ઈન્ડોનેશિયા, પાકિસ્તાન, ભારત અને બંગ્લાદેશમાં કુલ ૬૮૩ મીલીયન (૬૮.૩ કરોડ) ઈસ્લામનાં અનુયાયીઓ છે. મધ્ય પૂર્વમાં તુર્કી અને ઈરાન જેવા અનઅરબ દેશો મુસલમાનેની સૌથી વધુ જનસંખ્યા ધરાવતાં મધ્ય પૂર્વના દેશો છે. આફ્રિકા મહાદ્વિપમાં ઈજીપ્ત (મિશ્ર) અને નાઈજીરીયા એ મુસલમાનોની સૌથી વધુ જન સંખ્યા ધરાવતા આફ્રિકી દેશો છે.

# ઈસાઈ ધર્મ

ઈસાઈ ધર્મ એકેશ્વરવાદી અબ્રાહમિક ધર્મ છે જે ઈસુ ખ્રીસ્તનાં જીવન અને તેમની શિક્ષાઓ પર આધારીત છે. ઈસુ ખ્રિસ્તનું જીવન અને શિક્ષાઓ ગોસ્પેલ તથા ન્યુ ટેસ્ટામેંટમાં સમાવેલી છે. હીબ્રુ બાઈબલ જેને ઓલ્ડ ટેસ્ટામેંટ તરીકે પણ જાણવામાં આવે છે, તે પણ ઈસાઈ ધર્મનું એક મૂળભુત પુસ્તક મનાય છે. ઈસાઈ ધર્મનાં અનુયાયીઓને ખ્રિસ્તી કહે છે.

ખ્રિસ્તી ધર્મમાં મુખ્યત્વે મનાય છે કે ઈસુ ખ્રિસ્ત ભગવાનના પુત્ર છે, તે સંપુર્ણપણે દૈવી જીવ છે, તે સંપુર્ણ પણે મનુષ્ય પણ છે અને માનવતાનાં રક્ષક તરીકે ઓળખાય છે. આ કારણસર ખ્રિસ્તીઓ ભગવાન ઈસુને ખ્રિસ્ત કાં તો મસીહા તરીકે ઓળખે છે. ઈસુની મંત્રણા, તેમનું બલિદાન અને પછી તેમનું પુનઃઉત્થાન આ ત્રણેય ગોસ્પેલનો સંદેશ (Gospel Message) કાં તો સારી ખબર (good news) તરીકે જાણવામાં આવે છે. ટુંકમાં ગોસ્પેલ એ ભગવાનરૂપી પિતાના શૈતાન સામેની અનંત જીત, લોકો માટે મોક્ષ અને જીવનની નિરંતરતા અને આ બધુ ઈશ્વરીય કૃપાના માધ્યમથી ઈસુએ કહેલુ કે પ્રેમ એ સૌથી મહાનતમ આજ્ઞા છે.

## ભારતમાં ઈસાઈ ધર્મ

પૂર્વમાં થયેલા ઈસાઈ ધર્મ-સંબંધિત લખાણોનાં વિશેષજ્ઞોની કૃતિઓમાં જણાવ્યા મુજબ ભારતમાં ઈસાઈ ધર્મને લાવનાર થોમસ દ અપોસ્ટલ હતા જેઓ ઈ.સન્ ૫૨ માં કેરળના મ્યુઝીરીસમાં જઈને કેરળના યહુદીઓ સમક્ષ ગોસ્પેલનું જ્ઞાન વહેંચેલું.

ખ્રિસ્તીઓ ઈસુને ઓલ્ડ ટેસ્ટામેન્ટ (હિબ્રુ બાઈબલ)માં આગાહી કરવામાં આવેલ મસીહા તરીકે જુએ છે. એવુ મનાય છે કે ઈસુએ દુઃખ સહન કર્યુ, તેમનુ મૃત્યુ થયુ તેમના મૃતદેહને ડાટી દેવાયુ, પછી તેમનું પુનરઉત્થાન થયુ જેથી તેઓ પોતાના અનુયાયીઓને અનંત જીવન આપી શકે અને તેમનાં પાપો પ્રાયશ્ચિત માટે અને મોક્ષ માટે જે લોકો તેમાં શ્રદ્ધા રાખે છે તેમની શ્રદ્ધા / પૂર્તિ માટે જીસસનો પુનર્જન્મ થયો. તેઓ માને છે કે જીસસ શારીરીક રીતે સ્વર્ગ (heaven) માં ગયા જયાં તેઓ પિતા રૂપી પરમેશ્વર સાથે શાસન સંભાળે છે. એવુ મનાય છે કે ઈસુ ખ્રિસ્ત જીવત અને મૃત મનુષ્યોને પરખવા માટે પરત ફરશે. અને પોતાના અનુયાયીઓને અનંત જીવનની ભેટ આપશે. એક ગુણાત્મક જીવનનાં ઉદાહરણ તથા ભગવાનનો સંદેશ આપનાર અને તેમના માનવરૂપ તરીકે ઈસુ ગણાય છે. ટુંકમાં ઈસુ માં ઘણા સારા ગુણ છે, તેઓ ભગવાનનો સંદેશ આપનાર (મસીહા) અને ભગવાનના મનુષ્ય અવતાર તરીકે જોવામાં આવે છે. ઈસાઈ ધર્મનાં અનુયાયીઓ (ખ્રિસ્તીઓ) ઈસુ ખ્રિસ્તના સંદેશને ગોસ્પેલ (સારી ખબર) કહે છે અને ટેન ''તમે તમારા ભગવાનરૂપી પરમેશ્વરને પુરા દિલથી અને આત્માથી તથા તમારા મનથી ચાહશો અને તમે તમારા પાડોશીને ખુદના જેટલું જ ચાહશો''

દુનિયાભરમાં ખ્રિસ્તીઓના સૌથી મોટા સમુદાય છે. રોમન કેથોલીક ચર્ચ, પુર્વની રૂઢિવાદી ચર્ચ અને પોટેસ્ટંટવાદના ઘણા મુલ્ય વર્ગો પ્રથમ સદીના મધ્યમાં ઈસાઈ ધર્મ અને યાહુદીઓના પંથ તરીકે પ્રારંભ થયો.

મધ્ય એશિયાના લીવંત ક્ષેત્ર (હાલમાં ઈઝરાયલ અને ફિલસ્તીન દેશો જયાં સ્થિત છે)માં ઈસાઈ ધર્મનો ઉદભવ થયો અને ઘણા વેગથી તેનો પ્રચાર સીરયા મીસોપોટેમીયા, એશિયામાઈનર અને મિશ્રમાં થયો. તેનો આંકડામાં અને પ્રભાવમાં આવનાર દશકોમા વધારો થયો અને ૪ થી સદીના અંતે રોમન સામ્રાજયનો સરકારી (બાકાયદા) ધર્મ બની ગયો, અને ઈસાઈ ધર્મે રોમન સામ્રાજયમાં પ્રચલિત અન્ય ધર્મોની અને સમુદાયોની જગ્યા લઈ લીધી. મધ્યયુગમાં યુરોપનું ખ્રિસ્તીકરણ થયે અને ખ્રિસ્તીઓ મધ્ય-પૂર્વ (મધ્ય એશિયા) ઉત્તર આફ્રિકા, ઈથીયોપીયા અને ભારતનાં ભાગોમાં પણ એક લઘુમતિ માં હતાં. નવી ખોજે થયાં પછી મિશનરી કામ અને ઉપનિવેશવાદ દ્વારા ઈસાઈ ધર્મનો પ્રચાર અમેરીકા, (ઓસ્ટ્રેલીયા, એશિયા) ઓસ્ટ્રેલેશિયા, ઉપ સહારા આફ્રિકા અને વિશ્વનાં અન્ય ભાગોમાં થયો.

(ઈઝરાયલ (ઈસાઈ ધર્મનો ઉદભવનો સ્થળ) ને સંબોધીને કહેવામાં આવ્યુ છે કે ભગવાન રૂપી પરમેશ્વરમાં હૃદય, આત્મા અને મન તથા શકિતને પરોવીને શ્રદ્ધા દર્શાવવી.) ભારતમાં ઈસાઈ ધર્મનાં ઉદભવની સંપૂર્ણ માહીતી જાળવી આકરી છે, પણ વિશેષજ્ઞોના સામાન્ય મતાનુસાર ત્રીજી સદીમાં ભારતમાં ઈસાઈ ધર્મનો પાયો ગઢાઈ ગયેલો. જેમાના ઘણાં પંથો સીરીયાક વાપરતા અને એમ મનાય છે કે ત્યાં પહેલી સદીથી ઈસાઈ ધર્મ પ્રચલિત હશે. ભારતમાં ઈસાઈ ધર્મના ઘણા મુલ્યવર્ગો છે, જેમ કે રોમન કેથોલીક, પુર્વના રૂઢિવાદી ઈસાઈઓ અને પ્રોટેસ્ટંટ.

રોમન કેથોલીકના અનુયાયીઓની સંખ્યા ભારતમાં ૧૭.૩ મિલીયન છે જે સમગ્ર જન સંખ્યાના ૨ % ભાગથી પણ ઓછુ છે. મુખ્યત્વે રોમન કેથલીક લોકો દક્ષિણ ભારતમાં વસે છે. ગોવા-એ રાજય જે ઈસાઈ ધર્મનાં અનુયાયીઓની સંખ્યા માટે જાણીતો છે તે રોમન કેથોલીકનું મહત્વનું વસવાટ છે. પોર્ટુગીઝ મિશનરીઝ દ્વારા ૧૩ મી સદીમાં ભારતમાં કેથોલીસીઝમ (કેથલીક પંથ) તથા ૧૮મી સદીમાં બ્રિટિસ અને અમેરીકી મિશનરીઓ દ્વારા પોટેસ્ટંટ પંથનો પ્રચાર કરાયો. ઈારતમાં યુરોપીય

સામ્રાજ્યના વિસ્તાર અને પ્રોટેસ્ટંટ મિશનરી સેવાઓ દ્વારા ભારતમાં પ્રોટેસ્ટંટ પંથનો વિસ્તાર થયો. કમાંડમેંટસસ (દસ ઉદ્દેશો) નું પાલન કરે છે.

૨૧મી સદીના આદિકાળમાઃ ખ્રિસ્તી ધર્મનાં ૨.૨ અબજ અનુયાયીઓ છે. ઈસાઈ ધર્મના અનુયાયીઓ વૈશ્વિક જન સંખ્યાના એક તૃતીયાંશ ભાગનું પ્રતિનિધિત્વ કરે છે અને વિશ્વનો સૌથી મોટો ધર્મ છે. ઈસાઈ ધર્મ ઈસાઈ ધર્મ એ ઘણા દેશોનો મુખ્ય ધર્મ છે. ૩૭.૫ % ખ્રિસ્તીઓ અમેરીકામાં ઉત્તર અને દક્ષિણ અમેરીકા), ૨૫.૭ % યુરોપમાં, ૨૨.૫% આફ્રિકામાં, ૧૩.૧% એશિયામાં ૧.૨ % ઓશિયનિયામાં અને ૦.૯ % મધ્યપૂર્વનાં દેશોમાં આ ટકાવારી હિસાબે દુનિયાના વિવિધ પ્રાંતોમાં ઈસાઈ ધર્મ ફેલાયેલ છે.

ઈસાઈ ધર્મે પાશ્ચાત્ય સંસ્કૃતિના ઘડતરમાં મહત્વનો ફાળો આપ્યો છે.

**ટેન કમાંડમેંટસ** — દસ આદેશો

ટેન કમાંડમેન્ટસ એ બાઈબલના સિદ્ધાંતોનું એક સેટ છે. જેમાં યહુદી અને ખ્રિસ્તી ધર્મનાં લગભગ બધા જ પંથોમાં ઉપયોગી એવા શ્રદ્ધા-ભક્તિ અને નૈતિક મૂલ્યોનું સંબોધન છે. ટેન કમાંડમેન્ટસમાં શ્રદ્ધા-ભકિત, સબાથ વિશે જ્ઞાન અને અસામાજીક કાર્યો, ગુનાહ, ચોરી અને ખરાબ ટેવો (કુટેવો) નો ત્યાગ, જેવી બાબતે વર્ણવવામાં આવેલ છે. ઈસાઈ ધર્મમાં ધર્મનું જ્ઞાન આપતી અને નૈતિક મૂલ્યો શીખવતી એવી ટેન કમાંડમેન્ટસ છે.

ઈસાઈ ધર્મના વિવિધ પંથોમાં ટેન કમાંડમેન્ટસનાં વિવિધ અર્થઘટન થયેલા છે. સાયનોપટિક ગોસ્પેલ પ્રમાણે, ઈસુએ સિદ્ધાંતોને ઘણા મૂલ્યો હેઠળ વર્ગીકરણ કર્યુ. તેમાનું પહેલુ છે. સાંભળો, ઈઝરાઈલ, ભગવાન આપણો માલિક અને તમારે હાર્દિક રીતે ભગવાન રૂપી પરમેશ્વરમા શ્રદ્ધા રાખવી આત્મીક રીતે શ્રદ્ધા દર્શાવવી અને યથા શકિત શ્રદ્ધા બતાવવી.

**ઈસુ ખ્રિસ્ત**

ઈસાઈ ધર્મના મુળમાં ઈસુ માં ભગવાનના દીકરા તરીકે તથા મસીહા (ખ્રિસ્ત) તરીકેની માન્યતા છે. ખ્રિસ્તીઓ માને છે કે ઈસુ, એક ભગવાન દ્વારા એક મસીહા તરીકે માનવ જાતની રક્ષા માટે નીમવામાં આવેલાં અને ઓલ્ડ ટેસ્ટામેંટમાં કરાયેલી ભવિષ્યવાણીને વાચા આપતા ઈસુ એ ભગવાનના મસીહા હતા.

ઈસુમાં માન્યતાને લઈને ઘણી અસમંજસ રહી છે, પણ મુખ્યત્વે ઈસાઈ ધર્મમાં એવુ મનાય છે કે ઈસુ એ ભગવાનનો અવતાર છે અને તે ખરે અર્થે ભગવાન અને ખરે અર્થે મનુષ્ય છે. (તે સંપૂર્ણ રીતે દૈવી છે અને તેટલો જ માનવ પણ છે) મેથ્યુ અને લૂકની ગોસ્પેલ પ્રમાણે ઈસુ ભગવાનનો દીકરો છે જે મેરીની કોખે જન્મેલો. ઈસુના જીવન વિશેના લખાણ ઓછા છે પણ તેમના બાળપણની વાતો childhood gospels માં વર્ણવેલી છે. જીસસની પુખ્ત વયની વાતો ખુબ છે. ખાસ તેમના મૃત્યુ પહેલાના અઠવાડિયાની વાતો એ ગોસ્પેલ ઉપરાંત ન્યુ ટેસ્ટામેન્ટમાં પણ કરાયેલી છે.

**ઈસુના મૃત્યુ અને પુનઃઉત્થાન**

ઈસાઈ ધર્મના અનુયાયીઓ પ્રમાણે ઈસુનું પુનઃઉત્થાન એ તેમની શ્રદ્ધા-ભકિતનું મુખ્ય કેન્દ્ર અને ઈસાઈ ધર્મની આસ્થાની સૌથી મહત્વની ઘટના છે, કારણકે તેઓ માને છે કેક ઈસુ જીવન અને મૃત્યુ પર નિયંત્રણ ધરાવે છે અને અમરત્વ પ્રદાન કરવાની શકિત ધરાવે છે. ન્યુ ટેસ્ટામેંટ પ્રમાણે ઈસુને ક્રોસ ઉપર લટકાવવામાં આવેલા, મનુષ્ય તરીકે તેમનું મૃત્યુ થયુ, તેમને કબરમાં દાટવામાં આવેલા અને તેના ત્રણ દિવસ પછી તેઓનો પુનઃઉત્થાન થયો. જીસસનું મૃત્યુ અને પુનઃઉત્થાન એ ખ્રિસ્તીઓ દ્વારા બધી જ ધાર્મિક ક્રિયાઓમાં મનાવવામાં આવે છે અને હોલી વીક દરમ્યાન ખાસ મનાવાય છે. કોલી વીક દરમ્યાન ગુડ ફ્રાઈડે અને ઈસ્ટર સંડે પણ મનાવવામાં આવે છે.

**મોક્ષ**

આધુનિક ચર્ચમાં સૌથી મોટો ચિંતાનો વિષય છે કે મનુષ્યને જીવનની પાપ અને મૃત્યુની વધતી ઘટનાઓ કેમ બચાવવું, ન કે જેન્ટાઈલઝ અને જ્યૂઝ (યહુદીઓ અને ખ્રિસ્તીઓ) બંને કેવી રીતે ભગવાનના પરિવારમાં રહી શકે તેનો પ્રશ્ન. જ્યારે બીજુ છે તમે તમારા પાડોશીને પોતાના સમકક્ષ તરીકે જ ચાહશો.

**ટ્રીનીટી**

ટ્રીનીટી એટલે કે એ શિક્ષણ જે શીખવે છે કે ભગવાન ત્રણ, અનંતકાળ માટે એકબીજાનાં સહકારથી ચાલતાં એવા ત્રણ લોકો પિતા (ભગવાન), દિકરો (ઈસુ ખ્રિસ્તનો મનુષ્ય અવતાર), અને દૈવી જીવ. આ ત્રણેય તત્વોને ભેગા કરીએ તો Godhead તરીકે સંબોધવામાં આવે છે જો કે ગ્રંથોમાં Godhead માટે કોઈ એકમ વપરાયુ નથી. ઈસાઈ ધર્મની

માન્યતા મુજબ પિતા ભગવાન છે. દીકરો ભગવાન છે. દૈવી શકિત ભગવાન છે, પણ તોય ત્રણ ભગવાન નહી બલ્કે એક ભગવાન છે.

**મૃત્યુ અને પુનર્જન્મ**

ઈસાઈ ધર્મનાં ઘણાં પંથો જેમ કે એંગ્લિકન, લ્યુથેરન અને સેવન્થ ડે એડવેન્ટિસ્ટસ મોર્ટાલિઝમ નામની માન્યતા રાખે છે, જેમાં એવુ મનાય છે કે મનુષ્યનું આત્મા પ્રાકૃતિક રીતે અમર નથી અને શારીરીક મૃત્યુ અને પુનઃઉત્થાપનની વચ્ચેનાં અંતરાળ દરમ્યાન મનુષ્યનો આત્મા ભાનમાં નથી હોતો. આવા ઈસાઈઓ એનિહિલેશનિઝમમાં માને છે જેમાં કહેવાયું છે કે અંતિમ ન્યાય પછી. દુષ્ટ અને પાપી જીવો નિરંતર અનંત દુઃખ ભોગવ્યા કરતાં તેમનો અંત આવી જશે. જેહોવાહના પુરાવાઓમાં માનનારા (Jehovah's witnesses) પણ આ જ માન્યતાનો પાલન કરે છે. આસ્થાને લગતાં સવાલો કરતાં આધુનિક ચર્ચમાં વ્યકિતને પાપ અને મૃત્યુની અતિશયોકિત ધરાવતી એબ્સર્ડ સ્થિતિનાં પરિણામોથી બચાવવાનું છે. કેથોલીક અને પ્રોટેસ્ટંટ વિચારધારાઓ પ્રમાણે ઈસુનાં મૃત્યુ અને પુનઃઉત્થાનની ક્રિયાઓ દ્વારા મોક્ષનો સંચાર થાય છે. કેથોલીક ચર્ચ કહે છે કે ઈસાઈ ધર્મનાં અનુયાયીઓની શ્રદ્ધા સિવાય મોક્ષ અશકય છે, ધં પરિવર્તન કરીને ઈસાઈ ધર્મનાં અનુયાયીઓ બનેલાં લોકોએ પણ પ્રેમનાં સિદ્ધાંતનું પાલન કરી ખ્રિસ્તી રિવાજો પ્રમાણે નામકરણ કરાવવું પડે છે. માર્ટિન લુથરે કહેલું કે (baptism) નામકરણ કાં તો (Christeon તરીકે નોંધણી) એ મોક્ષ માટે ખૂબ જરૂરી છે, પણ અર્વાચીન લુથેરીયન અને પ્રોટેસ્ટંટ વિચારધારાઓ પ્રમાણે મોક્ષતો ભગવાન દ્વારા વ્યકિત વિશેષને અપાતી ભેટ છે જે એક "unmerited favour" (બિનમાંગેલી કૃપા) છે. મોક્ષ કેટલી હદે ભગવાનની દેન છે તે વિષયમાં ઘણાં મતભેદ છે. નવી આસ્થા પ્રમાણે મનુષ્ય સંપૂર્ણપણે મોક્ષ મેળવવા યોગ્ય નથી, પરંતુ કૃપાનું દૈવીકરણ એ માની શકાય તેવી વાત નથી. (મોક્ષ કેટલી હદે દેવી કૃપા છે તે બાબતે નવી આસ્થામાં મતભેદ છે) કેથોલીક, રૂઢિવાદી ખ્રિસ્તી અને આરમીનીયન પ્રોટેસ્ટંટ માને છે કે સ્વૈચ્છિક પણું (ખુદની ઈચ્છા) ઈસુમાં શ્રદ્ધા કેળવવા માટે જરૂરી છે. બાઈબલમાં જીસસના નામરણ, જાદુઈ શકિત, તેમનાં ઉપદેશ, તેમના દ્વારા અપાયેલું જ્ઞાન અને તેમના કાર્યોનો ઉલ્લેખ કરાયેલો છે.

**શ્રદ્ધા-ભકિત**

જસ્ટિને સમજાવ્યા પ્રમાણે ઈસાઈ ધર્મના અનુયાયીઓ રવિવારે પ્રાર્થના સભમા માટે ભેગા થાય છે. રવિવારને પુનઃઉત્થાનનો દિવસ (Day of Reservation) કહેવાયો છે.ગ્રંથોમાંથી વાંચવાનાં મુદા ઓલ્ડ અને ન્યુ ટેસ્ટામેંટ ગ્રંથોમાંથી લેવાયેલા છે, પણ મુખ્યત્વે ગોસ્પેલમાંથી લેવાયેલા છે. ખાસ પ્રસંગો જેમ કે baptism (નામકરણ, ઈસાઈ ધર્મમાં નોંધાવવાની વિધિ) અને વિવાહ દરમ્યાન ધાર્મિક સેવા અને શ્રદ્ધા-ભકિતની અલગ-અલગ પ્રણાલીઓ હોય છે. આજની ઘણી ચર્ચામાં પુખ્ત વયનાં લોકો અને બાળકો માટે અલગ કાર્યક્રમ હોય છે. જેથી ઉંમરને અનુલક્ષીને શિક્ષણ આપી શકાય. આવા શિક્ષણને સન્ડે સ્કુલ (રવિવારની શાળા) કાં તો સબાથ સ્કુલ કહે છે.

**ઈસાઈ ધર્મમાં પ્રતીકાત્મકતા**

ક્રોસ, જે આજે વિશ્વભરમાં પ્રખ્યાત ચિહન છે તે આદિકાળથી ખ્રિસ્તી ચિહન તરીકે ઓળખાય છે. જો કે ક્રોસ વિશે આદિકાળથી લોકો જાણતા હતા પણ કુસિફિકસનો ઉપયોગ પાંચમી સદીમાં શરૂ થયો.

**ઈસાઈ ધાર્મિક પ્રથાઓ**

બેપ્ટિઝમ એક ધાર્મિક પ્રથા છે, જેમાં પાણીના ઉપયોગથી વ્યકિતને ચર્ચાનો સભ્યપદ આપવામાં આવે છે.

**પ્રાર્થના**

પ્રાર્થના વિશે ઈસુ ખ્રિસ્તે સરમન ઓન દ માઉન્ટ માઃ આપેલો સંદેશ એ પ્રાર્થનાના બાહ્ય ચરિત્રમાં એ.ક આગવો આણગમો છે. સરમન ઓન દ માઉન્ટ એટલે ઈસુ ખ્રિસ્ત દ્વારા પહાડની ચોટીએથી પોતાના અનુયાયીઓને આપેલો સંદેશ.

કેથોલીક ચર્ચનાં વિચાર પ્રમાણે પ્રાર્થના એ એક વ્યકિત દ્વારા પોતાના મનનો પાયો હ્દય સુધી લાવીને ઈશ્વર સાથે સમાગમ અથવા ઈશ્વર પાસે સારી વસ્તુઓ કે કૃપા માંગવાની વૃત્તિ.

એંગ્લિકન પદ્ધતિમાં 'બુક ઓફ કોમન પ્રેયર' (પ્રાર્થનાની ચોપડી) એક પથદર્શક તરીકે ચર્ચની પ્રથાઓ માટે એક ઢાંચો આપે છે. જેમાં પ્રાર્થનાઓ, ગ્રંથોનું વાંચન અને મંત્ર જાપ સામેલ છે.